Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# આત્માનન્દ પ્રકાશ.

( દર માસની પૂર્ણિમાએ પ્રકટ થતું માસિકપત્ર. )

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कारुण्यान्न सुधारसोऽस्ति हृदय द्रोहान्न हालाहलं ।
वृत्तादस्ति न कल्पपादप इह क्रोधान्न दावानलः ॥
संतोषादपरोऽस्ति न प्रियसुहृल्लोभान्न चान्यो रिपु ।
र्युक्तायुक्तमिदं मया निगदितं यद्रोचते तत्त्यज ॥

પુ૦ ૨૬ મું. વીર સં. ૨૪૫૪. આશ્વિન. આત્મ સં. ૩૩. અંક ૩ જો.

પ્રકાશક—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## વિષયાનુક્રમણિકા.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી મહાવીર જિન સ્તવનમ્. ... | ૫૭ | ૮ જ્ઞાન અને વિનય.... ... ... | ૭૦ |
| ૨ શ્રી મહાવીર પ્રત્યે ! ... ... | ૫૮ | ૯ ચર્ચાપત્ર. ... ... ... ... | ૭૧ |
| ૩ આભાણુ શતક. ... ... ... | ૬૦ | ૧૦ પ્રકીર્ણ. ... ... ... ... | ૮૩ |
| ૪ શ્રીમંતોને.... ... ... ... | ૬૩ | ૧૧ વર્તમાન સમાચાર. ... ... | ૮૪ |
| ૫ જૈન ધર્મ.... ... ... ... | ૬૪ | ૧૨ સ્વીકાર અને સમાલોચના. ... | ૮૬ |
| ૬ કૃપણુતા કે આત્મરમણુતા ? ... | ૬૬ | ૧૩ ખેદકારક નોંધ ... ... ... | ૮૮ |
| ૭ મહાન્ વિભૂતીને ! ... ... | ૬૯ | | |

મુદ્રકઃ—શા. ગુલાબચંદ લલ્લુભાઇ. આનંદ પ્રિ. પ્રેસ સ્ટેશન રોડ–ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય પરિચય માટે એક અમૂલ્ય સુચના.

જૈન સમાજમાં થોડા ઘણા અંશે વાંચનનો શોખ વધ્યો છે, તેવા સંયોગમાં અને તે વિશેષ વધે તે માટે કાંઇ પુસ્તક પરિચય આપવાથી વિશેષ લાભ થવા સંભવ છે, એમ જાણી દિવસાનુ દિવસ જૈનધર્મના પ્રકટ થતાં નવા પુસ્તકો તે કયા કયા છે? શા વિષય ઉપર છે? લખનાર? પ્રકટ કરનાર કોણ છે? કઇ ભાષામાં પ્રગટ થયેલ છે? કિંમત, મળવાનું સ્થળ વગેરે માહિતી, વાંચનના અભિલાષિઓને અને જ્ઞાનભંડાર અને પુસ્તકાલયના સંચાલકોને મળે તેટલા માટે દર ત્રણમાસે કે જરૂરીયાત પ્રમાણે આ માસિકમાં ઉપરોક્ત હકીકત સાથે વારંવાર પ્રકટ કરવાની યોજના કરવા ધારી છે, તેથી જેમ આ માસિકમાં સમાલોચના ( અભિપ્રાયાર્થે ) દરેક ગ્રંથ પ્રકટ કરનાર સંસ્થા અને કેટલાક જૈનબંધુ તેઓના તે તે ગ્રંથો તે માટે મોકલે છે, તેમ જૈન સમાજમાં પ્રકટ થતાં તમામ ગ્રંથો તેના પ્રકટ કર્ત્તા તરફથી માહિતી સાથે અમોને મળે જાય તોજ આ માહેતી પત્રક અમો બનતા પ્રયત્ને આપી શકીયે, જેથી આ કાર્યમાં જૈનધર્મના પ્રકટ થતાં પુસ્તકોના લેખકો, પ્રકાશકો, સંપાદકો, અનુવાદકો વગેરે અમોને ઉપર પ્રમાણે આ ખબર આપવામાં મદદ કરશે તો તે સાભાર સ્વીકારવા સાથે આવતા કારતક માસથી આ જાતનું પુસ્તક માહેતી વર્ણન આપવામાં આવશે, જેથી જૈન સમાજમાં કેવું, કેટલું, કઇ જાતનુ સાહિત્ય પ્રકટ થાય છે તે જાણી શકાય.

---

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી વિરચિત—

## ऐन्द्र स्तुति चतुर्विंशतिका.

### ( स्वोपज्ञ विवरणयुता )

સંપાદક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

આ ગ્રંથમાં ચોવીશ જિનેશ્વરોની સ્તુતિઓ વિવરણ સહિત સંસ્કૃત ભાષામાં શ્રીમાન યશોવિજયજી મહારાજ કૃત આવેલ છે. કાવ્યો સુંદર અને ટીકા શાસ્ત્રીય ગંભીર વિચારોથી ભરપૂર છે. અભ્યાસીઓને પઠનપાઠન કરવા યોગ્ય આ કાવ્ય અને વિવરણ શુદ્ધ કરવા તેમજ અસલપ્રતમાં તુટી ગયેલા પાઠોને ઉપાધ્યાયજીના શબ્દોમાંજ સાંધવા મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સ્તુતિપાત્ર પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથમાં આ ચોવીશી સાથે પરમજ્યોતિ પચ્ચીશી, પરમાત્મ પચ્ચીશી, વિજયપ્રભસૂરિ સ્વાધ્યાય અને શ્રી શત્રુંજય મંડન શ્રી રૂષભદેવ સ્તવન ( સંસ્કૃતમાં ) વગેરે કાવ્યો પ્રકટ કરી સંસ્કૃત સાહિત્યની અભિવૃદ્ધિ કરી છે. સાધુસાધ્વી મહારાજ અને જ્ઞાન ભંડારોને ખાસ ઉપયોગ માટે આર્થિક સહાય આપનાર બંધુની ઇચ્છાને માન આપી તેમણે આપેલી રકમ બાદ કરી વધારાના ખર્ચ પુરતી માત્ર કિંમત ચાર આના પોસ્ટેજ ખર્ચ અઢી આના સાથે માત્ર નામની કિંમત સાડા છઆના રાખેલી છે. ઉંચા એન્ટીક પેપર ઉપર સુંદર વિવિધ શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી ઉંચી જાતના કપડાનું પાકું બાઇંડીંગ કરાવેલ છે.

લખો:—

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तेषां पारमेश्वरमतवर्त्तिनां जन्तूनां नास्त्येव शोको न विद्यते दैन्यं प्रलीनमौत्सुक्यं व्यपगतो रतिविकारः जुगुप्सनीया जुगुप्सा असम्भवी चित्तोद्वेगः अतिदूरवर्तिनी तृष्णा समूलकाषंकषितः सन्त्रासः किन्तर्हि तेषां मनसि वर्तते धीरता कृतास्पदा गम्भीरता अतिप्रबलमौदार्यं निरतिशयोऽवष्टंभः ।

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २६ मुं. } वीर संवत् २४५४. आश्विन. आत्म संवत् ३३. { अंक ३ जो.

## श्री महावीर जिन स्तवनम्

ले० अजितसागरसूरि.

ललित छन्दः ( भद्रिका )

सकल सिद्धिदं सिद्धभावनं, वनजलोचनं चारुमूर्त्तिकम् ।
मतिमतां मतं सन्मतार्थिनां, जिनपतिं महावीरमाश्रये ॥ १ ॥
मुनिगणैः श्रितं देवदानवै—र्नरगणैः सदा संस्तुतश्रियम् ।
परमतत्त्वदं यस्य दर्शनं, जिनपतिं महावीरमाश्रये ॥ २ ॥
चरितमुत्तमं चारुदेशनं, शमितकामनं मोहहारकम् ।
शिवसुखं करं योऽचरन्मुदा, जिनपतिं महावीरमाश्रये ॥ ३ ॥
जननमृत्युहं पादपङ्कजं, विमलबोधिदं यस्य शोभनम् ।
जगति देहिनां तारकं परं, जिनपतिं महावीरमाश्रये ॥ ४ ॥
जयति शासनं यस्य निर्मलं, प्रणतदेहिनां मुक्तिसाधनम् ।
निखिलकर्मणां वारकं वरं, जिनपतिं महावीरमाश्रये ॥ ५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भव भयार्त्तिहां यस्यवाचनां, समयवेदिनः श्रद्धयाऽनिशम् ।
श्रुतिगतां जनाः कुर्वते रता-जिनपतिं महावीरमाश्रये ॥ ६ ॥
कुरुत केवलं यद्गुणव्रजं, क्षयकरं महामोहवैरिणः ।
श्रवणगोचरं भव्यभावतो, जिनपतिं महावीरमाश्रये ॥ ७ ॥
तिथिरहो सदा स्मर्यते सका, मुनिपतिर्गतो यत्र मोक्षके ।
भविजनैर्महा मोदधारकै-र्जिनपतिं महावीरमाश्रये ॥ ८ ॥
अजितसूरिविनिर्मितमष्टकं, विविधसौख्यमहालयमद्भुतम् ।
पठति यश्च शृणोति नरोत्तमः, स लभते श्रियमुन्नतिदायिनीम् ॥ ९ ॥

## શ્રી મહાવીર પ્રત્યે.

શુદ્ધ સ્વરૂપી-શાન્ત-દાન્ત-ઓ ! ત્રિજગપતિ ! ઉત્તમ ગુણવાન !
કથું કંઇ અન્તરની કથની તમો તેહ પર આપો ધ્યાન !
બાહ્યાંતર દુશ્મન દલ જીત્યાં (!) સમર ભૂમિમાં ત્હેં રણધીર ?
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તૂં હે ! મહાવીર !
બાલક ત્હારાં વિશ્વમહીં આ દુઃખિયાં-દીન અને કંગાલ;
જ્ઞાન ચક્ષુ વિણ અન્ધ થઇ અથડાતાં ત્હેની લે સંભાળ !
કાતિલ " કાળ " તણું બસ ફરતું, હરદમ મસ્તિક પર સમશીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તૂં હે મહાવીર !
સત્ય સહાયક લાયક એવા ગૌતમ સમ ગુરૂઓ નવ આજ;
અશક્ત-રંક કૈં આત્મ બન્ધુની, સશક્ત જન નવ ધરતા દાઝ !
આડંબર અમથો બતલાવે, બની બઝારે મોટા મીર (!)
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તૂં હે મહાવીર !
અરે ! અનીતિ-કામ-ક્રોધ-મદ-મોહ-લોભ બહુ વધતા જાય !
મુગ્ધ જનો અમ જેવા કેઇક, સદા માટ તેમાં સપડાય !
દયા-દીનતા-દાન-સૌમ્યતા- જઇ વસ્યાં છે ખારે નીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તૂં હે ! મહાવીર !
ધર્મ તણું શુભ કલ્પ વૃક્ષ જે રોપેલું ત્હેં જગ હિત માટ-
દશા દેખતાં બૂરી તેની હાય હૃદય રડતું એ ફાટ !
પામરતા પ્રસરી ભર પટ્ટે ભીરૂવત થાતા ભડવીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તૂં હે મહાવીર !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૈં કોની જૂલ્મી સત્તામાં કચરાતાં ત્હારાં સંતાન;
બળી ત્રિવિધિ તાપ મહીં બસ ત્રાસ ખમી ભૂલ્યા સૌ ભાન !
કરી કરૂણા કેશવ અમપર દયા તણાં છાંટો કંઇ નીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે ! મહાવીર !
પન્થ ઘણા પેખી અવનિમાં, દિલમાં નવ કૈં સૂઝે દાવ;
સત્ય ધર્મ ના સરળ અને શુભ–સુખકર તું રસ્તો બતલાવ !
જેથી તુજ પાસે સૌ આવે, તોડી કર્મ તણી જંજીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે મહાવીર !
ચર્ણે ડશિયો ચણ્ડકોશીયો ( ! ) છતાં તેહ પામ્યો સુખ વાસ;
અર્જૂન ને ચન્દન બાલા ના ભવ–અટવિનો ટાળ્યો ભાસ !
તાર ! અરે ! ભવતારણસ્વામી ! કષ્ટ નિવારણ ઓ ! ભડવીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે મહાવીર !
જીવન સુસ્ત સહુ થયાં વિલાસે ( ! ) પૂર વેગે પ્રસર્યો જડવાદ;
હિંસકતા વધતાં આ વિશ્વે, અરે ભૂલાઇ ત્હારી યાદ !
તમ દલ છેક છવાતાં વાતા, પ્રચણ્ડ પાપમય પ્રલય સમીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર ! જયવંતા તું હે મહાવીર !
અસ્ત નથી થઇ છેકજ ત્હારી, સત્ય તણી ઝળહળતી જ્યોત;
છતાં હજુ કાં આભ ભરી આ, ઝાંખે નૂર ઝબકે ખદ્યોત;
પુનિત કંઇ પયગામ અનેરા પાઠવ ઓ પયગમ્બર વીર,
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે મહાવીર !
દાદ અરે ! દીન જનની જો આ નહિ લક્ષમાં લહે લગાર;—
કહે ( ? ) પછી કરવો કો'ની પાસે જઇ અમ દુઃખનો પોકાર ?
નાવ અમારૂં ડૂબે અધવચ પ્હોંચાડો તે સ્હામે તીર;
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે મહાવીર !
તુજ પદ–સેવા ઇચ્છે હરદમ સ્નેહે સૌ જગમાં નર નાર,
જન્મ–જરા–મૃત્યુ–ભય ભેદી ( ! ) વર્તાવો જગમાં જયકાર;
અલ્પ અર્જ આ અન્તર ધારો બાલક તુજને નામે શિર,
રંક સૃષ્ટિ પર અલખ દ્રષ્ટિ ધર જયવંતા તું હે મહાવીર !

* * * *

ધન્ય ધન્ય જગપોષક જનની પુણ્ય મયી ઓ ભારતમાત !
મહાવીર સમ રત્ન દયિતા, સુર–નર સેવીત જગ વિખ્યાત;
નમન નમન તુજને વીરભૂમિ અંતરનાં હો અપરંપાર
પ્રેમ પુષ્પનો દઈ અર્ઘ્ય ( ! ) ગજવું વીર–ભારતનો જયકાર !

મોકલનાર—**મણીલાલ ખુશાલચંદ પારી. પાલણપુર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આભાણુ શતક.

## ઉપદેશ શતક.

( ગતાંક પૃષ્ટ ૩૮ થી શરૂ. )

૬૩ જે સાધુએ યથેચ્છ શરીર સત્કાર કરવા માંડયો તેણે શિવસુખનો તિરસ્કાર કર્યો ને સૂતેલા સિંહને જગાડયો જાણવો. એથી ભવભ્રમણ રૂપ ભયંકર પરિણામ આવે.

૬૪ પોતેજ જ્ઞાન ધ્યાનમાં તત્પર રહેનારા સુશિષ્યોને સંયમમાં પ્રેરણા કરવી તે પોતાની મેળેજ ભારને વહેતા સુજાતિવંત પોઠીયાઓને પ્રેરવા જેવું છે.

૬૫ અત્યંત ઘરડી ગાયના ગળે ઘંટડી બાંધવી જેમ ન શોભે તેમ વિષભક્ષણ સમી સુવર્ણાદિક ઉપર મૂર્છા ધારવી–મમતા રાખવી સાધુસંતને નજ શોભે.

૬૬ ચારિત્રને સારી રીતે વૈરાગ્યપૂર્વક આદર્યા પછી લોકલજ્જાથી ડરવું તે નાચવા લાગેલી નટડીને લોકલાજથી પોતાનું મુખ ઢાંકવા જેવું જાણવું.

૬૭ સાધુઓ જો યથેચ્છપણે મર્યાદાનો લોપ કરે તો ‘ વાડ ચીભડાને ખાય ’ એના જેવી વાત કોની આગળ જઇ કહેવી ?

૬૮ લજ્જાવડે ચારિત્રને છુપાવી મોક્ષની કામના કરવી તે છાશ લેવા જવી ને દોણી સંતાડવા જેવી ઘટના છે.

૬૯ કળિકાળમાં બોધિબીજ ( સમકિત ) ની પ્રાપ્તિ થવી તે મરૂદેશમાં કલ્પવૃક્ષની ઉત્પત્તિ, નિર્ધન સ્થિતિમાં નિધાનના દર્શન અને દુષ્કાળમાં દૂધપાકના ભોજનસમાન લેખાય.

૭૦ પહેલાં સિદ્ધાન્તની વાંચના, જેની વ્યાખ્યા કરનારા પંડિત હોય તો ‘ દૂધમાં સાકર ભળી ’ એવી એને ઉપમા ઘટે.

૭૧ સિદ્ધાન્ત વાંચના ટીકા વગર વધારે સારી લાગે નહીં, તેથી બાળક અંગૂઠાને ધાવે એની એને ઉપમા જાણવી.

૭૨ કદાગ્રહ દોષવાળા ( કદાગ્રહી ) ને સિદ્ધાન્ત સંભળાવવું તે આંધળા આગળ દીવો પ્રગટાવવા જેવું જાણવું.

૭૩ અંગ–ઉપાંગાદિક ગ્રંથો સઘળા દ્વાદશાંગી મધ્યે જેમ વધારે મોટા હાથીના પગલામાં વૃષભાદિકનાં પગલાં સમાઇ જાય તેમ સમાઇ ગયા જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭૪ મોટા સરોવરમાં જેમ જ્યાં જળ ત્યાં કાદવ હોય તેમ જ્યાં ઉત્સર્ગ—મુખ્યમાર્ગ પ્રવર્તે ત્યાં અપવાદ—ગૌણમાર્ગ પણ લાભે ( હોઈ શકે ).

૭૫ જે પ્રથમ પોતે સારી મતિવાળો હોય ને પછી સિદ્ધાન્તનો પાર પામેલ હોય તે પગમાં ઘુઘરી બાંધેલા નર્તક ( નાચનાર—નટ ) ની જેવો શોભે છે.

૭૬ બહુધા વિપરીતગામી ચોર જેમ કોટવાળને બાધ કરે છે તેમ ઉત્સૂત્ર ભાષક સૂત્ર ભાષકને બાધ કરે છે.

૭૭ જેમ કુકરના પેટમાં દૂધપાક ટકતો નથી તેમ તુચ્છ—સત્ત્વવાળાના હૃદયમાં છેદ ગ્રંથોનો અર્થ વિસ્તાર ટકી શકતો નથી.

૭૮ જેમ મેઘજનિત પાણીનું પૂર ચીકણા ઘડાને સ્પર્શતું નથી તેમ અભવ્ય ને દુર્ભવ્યના ચિત્તને આગમ—રહસ્ય સ્પર્શતું નથી. પરિણમતું નથી.

૭૯ જેમ સૂર્ય છાબડીએ ઢાંકયો ન રહે તેમ જીનાગમ ઉપરોકત યુક્તિ—પ્રયુક્તિવડે પરાભૂત થઈ ન શકે.

૮૦ પાણીને વઝવતી ગાંસડીમાં ગમે તેવો કુશળ માણસ પણ બાંધી—રોકી ન શકે, તે આરપાર નીકળી જાય તેમ સર્વશાસ્ત્રોમાં જિનવચન અસ્ખલિત વર્તે છે.

૮૧ જેમ કુહાડાના ઘા મારવાથી ધોયેલું વસ્ત્ર નકામું જાય છે તેમ સ્વ. હઠવાદ વડે જિનવચનને દૂષિત કર્યું નકામું જાય છે. અરે! અનર્થકારી થાય છે.

૮૨ અરણ્યમાં કરેલા ગીતગાનની પેઠે કુબુદ્ધિ અને બહેરાની સભામાં ભગવંતના વચન રૂપ શાસ્ત્રની વ્યાખ્યા કરવી નકામી જાય છે.

૮૩ જેમ બાળકો છાશ પીવાનું જાણે છે પણ દહીંને મથવા—વલોવવાનું નથી જાણતા, તેમ મૂઢ જીવો સૂત્ર વાંચી જાણે છે પણ સૂત્રનો પરમાર્થ નથી જાણતા.

૮૪ જેમ અંધોની સભામાં કાણો રાણો સારો લાગે છે તેમ કેવળજ્ઞાન રહિત આ કળિયુગમાં અલ્પજ્ઞ સારો લાગે છે.

૮૫ જેમ દેખવાના ને ચાવવાના હાથીના દાંત જૂદા જૂદા હોય છે તેમ પરવાદીના કરવાના ને કથવાના આદેશ જૂદા હોય છે.

૮૬ હિંગથી વધારેલા લસણની જેમ ક્રોધથી મિશ્રિત થયેલ ઉત્સૂત્ર ભાષણ સુજ્ઞજને સર્વથા તજી દેવું જોઈએ.

૮૭ તણખલાથી ઢાંકેલો અગ્નિ અવશ્ય સળગી ઉઠે છે, તેમ માયાથી ગોપવેલું મનમાં રહેલું ઉત્સૂત્ર પ્રગટ થઇ જાય છે.

૮૮ જેમ બાળ બધું ઉજળું—દૂધ દેખે છે—લેખે છે પણ છાશ દેખતો—લે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખતો નથી તેમ મધુર વચન વડે યુકત સઘળું હિતજ લેખે છે પણ અહિત લેખતો જ નથી.

૮૯ કાર્ય વગર વિચાર્યું કરી દીધા પછી વિવેકીજનોને પૂછવું શા કામનું ? વિવાહ કરી દીધા પછી લગ્ન પૂછવાથી શું ફળ ?

૯૦ જેમ ધાન્યને ધનની ઇચ્છાથી ઉખર ક્ષેત્રમાં વાવેલું ધાન્ય નકામું જાય છે તેમ ધર્મ બુદ્ધિથી કુપાત્રને વિષે દીધેલું દાન નિરર્થક–નકામું જાણવું.

૯૧ ધર્મની ગાયના દાંત જેમ ન જોવાય તેમ દાતાએ દીધેલું દાન થોડું હોય કે ઘણું તે પંડિતજનોએ ન વિચારવું.

૯૨ થવાનું હોય તે થાયજ પરંતુ ઉદ્યમ સદાય કર્યા કરવો, નહીં તો સઘળા સર્વ કાર્યોમાં આળસુ બની જાય.

૯૩ જેના પાયા મજબુત હોય એવી ભીંત જેમ ઘરનો ભાર વહે છે તેમ સુશીલ અને કુળવંતી નારી જેવા તેવાથી પાળી ન શકાય એવું કઠણ શીલ પાળે છે.

૯૪ જેમ બિલાડો દૂધ દેખે છે પણ ઉગામેલો આકરો દંડ દેખતો નથી તેમ મૂઢજન પરસ્ત્રીના રૂપરંગને દેખે છે પણ પતંગની જેમ પ્રાણનાશક પરિણામને દેખી શકતો નથી.

૯૫ વિષય સુખમાં લીન થયેલો જીવ સદ્ગતિમાં કેમ જતો નહીં હોય ? ઉંદર સાવરણી સાથે દરમાં ક્યાં માય છે ?

૯૬ લોકો જેવું ધાન્ય વાવે છે તેવુંજ લણે છે. જેવું દાન દેછે તેવુંજ ફળ પામે છે.

૯૭ કોઇ એક સંસાર ચક્ર–જન્મ મરણથી બ્હીનો છે તેને બીજો કહે છે કે મને ભજ–મ્હારી સેવા ભક્તિકર, આ વાત પોતાના દાઢીને બાળી દીવો કરવા જેવી જાણવી.

૯૮ અનેક કાંટા જેની આસપાસ આવી રહ્યા છે એવી વિષ્ટાના પ્રગટ આસ્વાદ ( અનુભવ ) જેવો દુર્ગતિના દુઃખને દેનારો સ્ત્રીસંગ સુજ્ઞજનોએ તજવો યોગ્ય છે.

૯૯ એક પુડલાને માટે કૂવામાંથી જળ કાઢવાના રેંટને વેચી દેવા જેવા એક ક્ષણિક સુખને મેળવવા માટે હે ચેતન ! તું મોક્ષમાર્ગનો અનાદર કરી રહ્યો છે. ( એ દરીયા જેવી ભૂલ જેમ જલ્દી સુધારી લેવાય તેમ હિતકર છે તેની ઉપેક્ષા ક્યો કરવી નજ ઘટે. )

૧૦૦ શૂન્ય ગામમાં દાનાદિક ધર્મસાધન વગર મનુષ્ય–આવખું અતિક્રમવું ( પૂરૂં કરી નાંખવું ) તે અજ્ઞ નારીઓનું ચીંથરાં ફાડવા જેવું જાણવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૧ સંસારનું સ્વરૂપ યથાર્થ સમજાયે છતે તત્ત્વવેતા વિદ્વાનોને બહુ શાસ્ત્ર–ઉપદેશની જરૂર શી ? હાથમાં રહેલા કંકણુને જોવા દર્પણુની શી જરૂર ?

૧૦૨ ભાગ્ય પ્રમાણે સ્પૃહા કરવી. સોડ પ્રમાણે સાથરો–જેવડું ઓઢવાનું વસ્ત્ર હોય તેટલા પગ પ્રસારવા.

૧૦૩ જેમ અહીં ખાલી ખાણીયામાં બે મુશળનો પ્રયોગ કરવો વ્યર્થ છે તેમ મોક્ષ માર્ગ યોગ્ય ક્રિયાહીનને મોક્ષસુખની તેમજ ઐહિકસુખની સ્પૃહા વ્યર્થ છે.

૧૦૪ અધમાધમ જીવોને ઇર્ષ્યા–અદેખાઇ પર્વતની ફાટની જેવી કાયમી હોય છે. ત્યારે ઉત્તમ જીવોને તે પાણીમાંની રેખા જેવી ક્ષણિક કવચિત્ હોય છે.

૧૦૫ સદાય સ્વ શ્રેયને ઇચ્છનારા ભવ્યજનો હશે તે ધર્મોપદેશનામા આ સભ્ય આભાણુમાલિકાને કંઠાગ્ર કરી લેશે ( તો હિતરૂપ થશે. )

૧૦૬ ૧૬૯૯ વર્ષે પોષમાસે, પુષ્પ નક્ષત્રે, રાજનગરની પાસે ઉષ્માનપુર નામના શ્રેષ્ઠનગરમાં, શ્રીતપગચ્છરૂપી ગગનમધ્યે સૂર્ય જેવા પ્રતાપી પ્રબળ પુન્ય-શાળી શ્રી વિજયદેવસૂરીશ્વરના શાસનમાં ચાર વિદ્યામાં પારગામી વાચક કલ્યાણુવિ-જયજીના શિષ્ય વાચક **ધનવિજયજી** નામના ગણીવરે આ શતકની રચના કરી છે. તેમાંથી ખપીજનો ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરો ! ઇતિશમ્.

# શ્રીમંતોને.

ત્હમે ધનવાન શાણાછો, અમે કંગાલ ભીખારી,
ત્હમારા શોખ છે જુદા, અમારી મસ્તીછે ન્યારી;
તનુજો ઇશના તો'યે, પ્રકૃતિ પુન્યની જુદી;
અજબ એ ભેદ ભાવીના, સમઝતાં શીખ દે સારી.
પ્રભુ સન્માનને પામી, પ્રભુતાને વિસારો છો;
મળેલી તક અમુલી આ, નિરર્થક કાં ગુમાવો છો ?
ન પરવા સત્યની કરતા, દયા દિનતા દિલે ના'ના;
અચલ સ્થિતિ નહીં કંઇએ, હૃદયથી કાં વિસારો છો.
ગરિબીને અમીરોના, બધા સન્માન જુદા છે,
સદાચારો અનાચારો, અને વ્યવહાર જુદા છે;
પ્રભુના પ્રેમને આદર, સદા સંતોષ સત્કારે,
વિભૂતિ એ અમુલી છે, અમારા આંગણે આજે.

**કલ્યાણુચંદ કેશવલાલ ઝવેરી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનધર્મ.

( પ્રથમ અંકના ૨૧ મા પૃષ્ઠથી શરૂ. )

## દેવસ્વરૂપ.

અરિહંત અને સિદ્ધ મહારાજનો સમાવેશ દેવ તત્વમાં થાય છે, કેમકે સંપૂર્ણપણે અઢાર દૂષણોપર કાબુ મેળવનાર મહાન્ વિભૂતિઓ એજ છે.

દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય, હાસ્ય રતિ, અરતિ ભય, જુગુપ્સા, શોક, કામ, મિથ્યાત્વ, અજ્ઞાન, નિદ્રા, અવિરતીપણું રાગ અને દ્વેષ મળીને અઢાર દૂષણો ગણાય છે. એમાંનો એક પણ દેવત્વના નામને મશીનો કૂર્ચક લગાડે તેમ છે, તો પછી જ્યાં એકથી અધિકનું અસ્તિત્વ હોય ત્યાં પ્રભુત્વ કેટલી પળ ટકી શકે એ વિચારણીય છે. અત્રે એટલું કહેવું કાફી છે કે એ દોષોનું જડમૂળથી નિકંદન કર્યા બાદજ અરિહંત પદની પ્રાપ્તિ થઇ શકે છે, ત્યારેજ પ્રાતિહાર્ય અને અતિશાયીપણાની અનુપમ લક્ષ્મીનો યોગ સાંપડે છે. અત્રે એક વાત ધ્યાનમાં રાખવાની છે અને તે એકે સંપૂર્ણપણે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય રૂપ આઠ કર્મોનો ક્ષય કરી નાંખ્યા બાદ સિદ્ધત્વ લબ્ધ કરી શકાય છે. જ્યારે અરિહંત થવામાં તો એમાંના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય રૂપ ચાર ઘાતી કર્મોનોજ ક્ષય કરવો પડે છે. એ આત્મ ગુણને ઘાત કરનારા હોવાથી 'ઘાતી' કહેવાય છે. આ રીતે દરજ્જામાં સિદ્ધ અરિહંતથી ઉંચા હોવા છતાં ગણત્રીમાં અરિહંત પ્રથમ લેવાય છે તે એટલા માટેજ કે તેઓ પૃથ્વી તળપર વિચરી કેવળજ્ઞાન રૂપી દિવ્ય આરિસાની સ્હાયથી ઉપદેશની અમીવર્ષા દ્વારા ભવ્યજીવોના કલ્યાણમાં સાધનભૂત બને છે; અર્થાત્ 'સવી જીવ કરૂં શાસન રસી' રૂપ ભાવ દયા વિસ્તારે છે તેથી એમનો ઉપકાર સિદ્ધ ભગવાન કરતાં વિશેષ છે. સિદ્ધપણામાં જ્યાં દેહ, ઇંદ્રિય કે સંસારમાં વસવાટ સરખો નથી ત્યાં કંઇપણ કરવાપણું હોયજ શેનું ? કેવળ આત્મ ગુણમાં રમણતા અને ચૌદ રાજલોકને અંતે રહેલ સ્ફાટિક શિલાસમી નિર્મળ ભૂમિમાં કાયમનો વાસ એજ સિદ્ધત્વની મહત્તા. સિદ્ધ ચક્રના યંત્રમાં અરિહંત પદની ઉપર એમનું સ્થાન છે એ સર્વોપરિતા સૂચક છે.

અરિહંતમાં તીર્થંકરપણાનો ભાવ રહેલો છે કેમકે તે શુભ કર્મ સિવાયના આત્માઓ કે જે 'ઘાતી' કર્મોનો નાશ કરે છે, તે 'સામાન્ય કેવળી' ની કોટિમાં આવે છે. તેઓ પણ ઉપદેશ દેવાની શક્તિ ધરાવે છે અને દેવકૃત 'સુવર્ણ કમળ' પર બેસી તેમ કરે છે. પ્રાતિહાર્ય કે અતિશયપણાની સંપદા તેમને નથી હોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં તીર્થંકરપણા રૂપ શુભ કર્મના ઉદયની તરતમતા રહેલી છે; બાકી સિદ્ધ દશામાં ઉભયને સરખુંજ સ્થાન છે.

જૈન ધર્મ ' કાળ ' ને ચક્રની ઉપમા આપે છે એટલે કે ચક્ર જેમ સતત ગતિમાન હોઇ શકે છે તેમ કાળ પણ પોતાનું કાર્ય અસ્ખલિત રીતે કર્યેજ જાય છે. અસ્તોદય રૂપ કાળપક્ષીની ઉભય પાંખોની સરખામણીમાં અત્રે અવસર્પિણી, ઉત્સર્પિણીરૂપ કાળચક્રની બે બાજુઓ છે, ચક્રમાં જેમ 'આરાં' કિંવા લાકડાના સાંધાઓ જોડયા હોય છે, તેમ અત્રે પણ વખતની ઓછી વત્તી બાંધણી રૂપ નાના મોટા અથવા સૂક્ષ્મ સ્થૂલ ગણુત્રીવાળા ' આરા ' છે તેની સંખ્યા છ ની છે. અવસર્પિણી કાળ એટલે જે વેળા સર્વ પદાર્થોમાં ક્રમશઃ ઘટવાપણું પ્રવર્તતું હોય તેવો કાળ- જ્યારે ઉત્સર્પિણીમાં એથી ઉલ્ટું વધવાપણું થતું રહેતું હોય તેવો કાળ. હાલ આટલી સામાન્ય સમજુતીથી આગળ વધવું શ્રેયસ્કર છે કેમકે એ સંબંધમાં આગળ વધુ વિવેચન આવવાનુંજ છે.

જૈન ધર્મ મુજબ આપણે વસીએ છીએ તે મનુષ્ય લોક દ્વીપ પછી સમુદ્ર અને પછી દ્વીપ પાછો સમુદ્ર એવી રીતે ગણનાને ઉલંઘી જાય તેટલા દ્વીપ સમુદ્રોથી વેષ્ટિત છે આમાં ઉર્ધ્વલોક કે અધો લોકની વાત નથી આવતી એ ધ્યાનમાં રાખવું. આપણે અત્રે એ વિસ્તૃત સાંકળને એક બાજુ રાખી શાસ્ત્રકાર જેને ખરો મનુષ્ય લોક કહે છે અર્થાત જ્યાં માનવીઓનો વસવાટ હોય છેજ તેવા જંબુદ્વીપ ધાતકીખંડ અને અર્ધ પુષ્કરવર દ્વિપ રૂપ અઢી દ્વિપનુજ કામ છે; કારણકે આપણે જેને છ ખંડ ધરતી માનીએ છીએ અને યુરોપ, એશિઆ, આફ્રિકા, અમેરિકાને ઓસ્ટ્રેલીયા આદિ ભાગોથી ઓળખીએ છીએ તે માત્ર ઉકત જંબુદ્વીપનો તો એક નાનો અને છેડાનો ભાગ જે ' ભરતક્ષેત્ર ' નામે ઓળખાય છે તેના માત્ર અર્ધભાગ રૂપેજ છે; બાકીનો અર્ધ તો આજે અદશ્ય છે કેમકે એને દષ્ટિગોચર કરવામાં ચક્રીપણાની વીર્યશકિત જોઇએ. જેવો એક છેડે ભરત તેવો સામે છેડે ઐરવ્રત નામનો દેશ છે, વચલા ભાગમાં અતિ વિશાળ અને ઘણો ઉંચો એવો ' મેરૂ ' નામનો પર્વત છે જેની ઉભય બાજુએ ' મહા વિદેહ ' નામા વિશાળ ક્ષેત્ર છે. આ રીતે એકલા જંબુદ્વિપમાં બાજુના ' ભરત ' ને ' ઐરવ્રત ' અને વચમાનું ' મહાવિદેહ ' મળી ત્રણ ક્ષેત્રો આવેલા છે તેવીજ રીતે ' ધાતકી ખંડમાં ' અને પુષ્કરાર્ધમાં ત્રણથી બમણા એટલે એજ નામવાળા છ છ ક્ષેત્રો આવેલાં છે. હાલ આપણને આ ક્ષેત્રો સહ સબંધ હોવાથી એ દ્વીપો સંબંધી બીજી વાતોમાં નહીં ઉતરતાં એ ક્ષેત્રો કે જે ' કર્મ ભૂમિ ' ના નામથી ઓળખાય છે તેની સાથે તીર્થંકરોને શો સંબંધ છે તે જોઇએ.

જ્યાં અસિ ( તરવાર ) કૃષિ ( ખેતી ) અને મષિ ( શાહી–લેખન કાર્ય ) રૂપ ત્રિવેણી દ્વારા જીવન નિભાવવાનું હોય છે અર્થાત દરેક કરણીમાં ઉકત ત્રિપુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટીમાંની એકાદની પ્રધાનતા હોય છે તે કર્મભૂમિ અને કર્મભૂમિ વિના ન તો તીર્થંકરાદિ જેવા શ્લાધ્ય મહાત્માઓ કે ચક્રી, વાસુદેવ જેવા બળાઢય વીરો જન્મી શકે એ પણ એક સત્ય દુન્યવી નિયમાનુસારે મધ્ય કક્ષામાં રહેનાર જીવંત કે નિર્જીવ વસ્તુઓને અંતિમ ભાગે રહેનાર કરતાં સુખાશયિતા વિશેષ હોય છે તેમ અત્રે પણ તીરપ્રાંત તરિકેના ભરત ઐરવ્રત કરતાં મધ્ય પ્રદેશવર્તી મહાવિદેહને એક લાભ વિશેષ છે અને તે એ કે ઉભયને કાલચક્રનો નિયમ સદૈવ લાગુ પડે છે જ્યારે મહાવિદેહમાં તેની સત્તા માત્ર છ આરામાંના ' ચોથા ' જેટલીજ છે.

તીર્થંકરોની ઉત્પત્તિ તેમજ નિર્વાણ ત્રીજા અને ચોથા આરામાંજ સમાઇ જાય છે. ન તો પાંચમો કે ન તો બીજો કદિ એ સમય નિરખવા ભાગ્યશાળી થતા હોય છે તેમ મહાવિદેહમાં સદા ચોથા આરાના ભાવ હોવાથી તીર્થંકરોનું ઉત્પત્તિ નિર્વાણ પણ કલ્લોલિનીના સલિલ માફક વહેતુંજ રહે છે.

ભરત ઐરવ્રત માટે દરેક સર્પિણી કિંવા પક્ષમાં ' ચોવીશ ' તીર્થંકરનો આંક નિયત કરાયેલો છે. છતાં એનો ક્રમ એક પછી બીજાનો હોવાથી હૈયાતિ તો એકની જ છે જ્યારે મહા વિદેહમાં વધારેમાં વધારે બત્રીશનો સદ્ભાવ તે કમતીમાં કમતી ' ચાર ' નો યોગ દેખાડયો છે. આ રીતે ઉત્કૃષ્ટ કાલે જંબુદ્વિપમાં ( ભરતમાં ૧ ઐરવ્રતમાં ૧ મહાવિદેહમાં ૩૨–૩૪ ) ચોત્રીશ તીર્થંકરો હોય અને એ હિસાબે અઢીદ્વીપના પંદર ક્ષેત્રોમાં ૧૭૦ જીનવર વિચરતા હોય.

## કૃપણતા કે આત્મરમણતા ?

આત્મ ઉપયોગમાં રહીને વ્યવહારિક કાર્યો કરતાં જગતના ભાગ્યશાળી જીવોનું વર્તન સ્થૂળદ્રષ્ટિથી નિરીક્ષણ કરનારાઓને કેટલીક વખત શંકાશીલ બનાવે છે અને એવા નિર્દોષ માર્ગાનુસારી ભવ્ય જીવોના ચારિત્ર માટે સ્થૂળદષ્ટિવાળાઓ તરેહવાર કલ્પનાઓ અને ચર્ચાઓ કરે છે; પણ એવા ભ્રમનું જ્યારે સમાધાન થવા પામે છે ત્યારે એવા આત્મ ઉપયોગી જીવોમાં રહેલી દિવ્યતા અને શકિતનું ખરૂં ભાન સ્થૂળદષ્ટિવાળાઓને થાય છે. કાર્ય કરનાર કોઇપણ વ્યકિતનો આંતરીક હેતુ અથવા મર્મ જાણ્યા તથા સમજ્યા વગર તે વ્યકિતના ચારિત્ર માટે ગમે તેવો મત બાંધવા તથા અભિપ્રાય જાહેરમાં મુકવાની ઉતાવળ કરવા જતાં પોતાના સાહસ માટે પસ્તાવો કરવાનો વખત ન આવે તે માટે સાવધાન રહેવા જ્ઞાની ગુરૂઓ આપણને સતત્ ઉપદેશ આપતા રહે છે, અને તે ઉપદેશ આપણા કલ્યાણને માટેજ છે એમ નિશંકપણે માનીને આપણે તે અવધારવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગભગ ૫૩૮ વર્ષ ઉપર અઢળક દ્રવ્ય ખરચીને રાણકપુરનું અનુપમ અને જગતના જીવોને સદાકાળ આનંદ આપનારૂં ભવ્ય જીનાલય બાંધનાર અને પ્રાતઃસ્મરણીય સોમસુંદરસુરિ જેવા મહાન પ્રભાવિક આચાર્ય સાથે વિમળાચળનો સંઘ કાઢીને ઇંદ્રમાળ પહેરનાર ધરણાશાહ જેવા ધનિક અને સુશીલ શ્રાવક શ્રેષ્ઠી ઘીના ગાડવામાં પડીને મરી ગયલી એક માખના શરીર ઉપર વળગેલું ઘી પોતાની આંગળી વડે લુછી લેતા હતા, તે જોઇને એજ રાણકપુરનું મંદિર બાંધનાર કારીગરના મનમાં સંશય ઉત્પન્ન થતાં તેના અંતર ઉદ્‌ગારો એવા નીકળી ગયા કે " આ મખ્ખીચૂસ વાણીઓ તે શું મંદિર બાંધવાનો હતો. " ધરણાશાહ શેઠનું આવું કૃત્ય કૃપણતાનું દૃશ્ય રજુ કરે અને કારીગરના અંતરમાંથી મખ્ખીચૂસ એવા ઉદ્‌ગારો નીકળે તેથી આપણે આશ્ચર્ય પામીશું નહી; પણ એ કારીગરની ચતુરાઇ તથા ડહાપણ તો ખરેખર આનંદ સાથે આશ્ચર્ય ઉત્પન્ન કરનારાં છે, કારણકે એ કારીગરે શ્રેષ્ઠીના આ દૃશ્યની જાહેરમાં ચર્ચા કરીને તેમને હલકા પાડવાની કે તેમની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે તેવો એક પણ શબ્દ જનસમાજ આગળ ન ઉચ્ચારતાં શેઠ ખરેખરા કૃપણ છે કે કેમ તેની પરીક્ષા કરવાનો પોતાના મન સાથે નિશ્ચય કર્યો અને બે ત્રણ દિવસ જવા દઈ એક સવારે ધરણાશાહ શેઠ પોતાના નિત્યકર્મથી પરવારી પોતાનું મકાન જે આ મંદિરની સામેજ આવેલું હતું તેનાં ચોકમાં સ્વસ્થ થઈને બેઠા હતા તે વખતે કારીગર શેઠની પાસે આવ્યો અને પોતે તૈયાર કરેલો મંદિરનો નકશો બતાવી તથા તે સંબંધમાં કેટલોક વાર્તાલાપ કરી બોલ્યો કે શેઠજી, આ મંદિરના ગરાડા (પાયા) પુરવા માટે માહરે તો સીસું જોઇશે વગેરે. કારીગરની વાત સાંભળી શેઠે જરાપણ આશ્ચર્ય ચકિત થયા વગર પોતાના એક વિશ્વાસુ માણસને બોલાવીને આદેશ કર્યો કે આ કારીગરને જેટલું સીસું જોઇએ તેટલું અપાવો અને એ સંબંધમાં ફરીથી મને પુછવા કે વધતું ઓછું અપાવવાની પરવાનગી લેવા આવશોજ નહિ પણ નિઃશંકપણે એ કહે તેટલું અપાવજો. શેઠના હુકમ પ્રમાણે આ માણસે બજારમાંથી સીસું મોકલવાનું શરૂ કર્યું. સીસું આવતું જોઇ કરીગરની તો આંખજ ઉઘડી ગઇ અને ધરણાશાહ શેઠના મનની મોટાઇ તથા ઉદારતાએ આ કારીગરના મન ઉપર કાંઇક જુદાજ પ્રકારની અસર કરી. કારીગર શેઠ પાસે આવી કહેવા લાગ્યો કે શેઠજી, બસ ! હવે સીસું મોકલવાનું બંધ કરો. મ્હારે જરૂર હતી તે કરતાં પણ વધારે સીસું આવી ગયું છે, શેઠે હસતે વદને કહ્યું કે ભાઈ હવે પછી પણ બીજું જોઇએ તો જરાએ અચકાયા વગર સુખે માગજો.

એક વખત માખીના શરીર ઉપર ચોંટેલું ઘી આંગળી વડે લુછી લેનાર અને બીજી વખતે કારીગર કહે તેટલું સીસું મંદિર માટે ખરીદીને મોકલી આપવાનો અનિવાર્ય આદેશ આપનાર ધરણાશાહ શેઠ પોતેજ હતા, પણ આ બન્ને પ્રસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગોએ કારીગરના આત્માએ જુદો જુદો ભાવ ભજવ્યો હતો, તેથી પોતાના મનનું સમાધાન કરવાની શુભ નિષ્ઠાથી કારીગરે દીનમુખે પૂછ્યું કે શેઠજી આપે તે દિવસે માખીના શરીર ઉપર વળગેલું ઘી આંગળી વડે લુંછી લીધેલું મેં નજરે જોયું હતું, તે ઉપરથી મેં આપની પરીક્ષા કરવા માટે સીસાની માગણી કરી હતી. આ માગણી કરતી વખતે મેં સ્વપ્ને પણ આશા રાખી નહોતી કે સીસા માટેની મારી માગણીનો સ્વીકાર આપ તરફથી થશે. પણ મ્હારી અજાયબી વચ્ચે આપે તો એકે બોલે મ્હારે જોઈએ તેટલું નહીં પણ હું કહું તેટલું સીસું અપાવવાનો આદેશ આપના માણસને કર્યો. એનું કારણ શું ? ધરણાશાહ શેઠે વિવેક-પૂર્વક ખુલાસો કર્યો કે ભલામાણસ, મરી ગયલી માખના શરીર ઉપર વળગેલું ઘી રહેવા દેવામાં મને શું લાભ હતો ? વળગેલા ઘી સહિત જો એ માખીને હું બીજી જગ્યાએ મુકત તો બીજી માખીઓ અગર સૂક્ષ્મ જીવજંતુઓ તેના ઉપર ચોંટીને મરી જાત, તો મ્હને દોષ લાગત એટલે માખીના શરીર ઉપર ઘી રહેવા દેવામાં મ્હને લાભ નહિ પણ હાનિ હતી, તો પછી તે ઘી હું કેમ લુછી ન લઉં ? પણ તેં માગેલું સીસું મ્હારે ત્હને આપી દેવાનું નહોતું પણ મોક્ષના મહેલરૂપ જીન મંદિર બાંધવાના કામમાં એ વપરાવાનું હોવાથી મ્હને અનંત લાભનું કારણ હતું, તો પછી ત્હારી માગણી હું કેમ ન સ્વીકારૂં ? ધરણાશાહ શેઠે કરેલા આ ખુલાસાથી કારીગરના મનનું સર્વાંશે સમાધાન થયું. અને પ્રથમ પ્રસંગે પોતાના મનમાં શેઠને માટે ઉદ્‌ભવેલા વિચારો માટે એક તરફથી પશ્ચાતાપ કરતો અને લાભાલાભનો વિચાર કરીનેજ પોતાનાં દરેક વ્યવહાર કાર્યો કરવામાં કુશળ એવા આ શ્રેષ્ઠીના આત્મ ઉપયોગીપણા માટે અનુભવ થયો તેથી બીજી તરફથી પોતાના આત્મામાં આનંદ લેતો કારીગર વિસર્જન થયો.

ધરણાશાહ શેઠનું આત્મઉપયોગીપણું અને કારીગરની કાર્યદક્ષતા એવાં બે અમૂલ્ય ચિત્રો આપણા અંતઃકરણના ચિત્રપટ ઉપર આળેખવાની જરૂર છે. શાસનના શણગારરૂપ, દેવગુરૂ અને ધર્મ ઉપર અડગ શ્રદ્ધા રાખનાર બત્રીશ વર્ષની જુવાન વયે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર અને પોતાનાં ધન, યૌવન અને ઠકુ-રાઇનું સાર્થક કરી પોતાનું નામ અમર કરી જનાર ધરણાશાહ શ્રેષ્ઠી અને એવાજ પ્રભાવિક બીજા પુરૂષોનાં ચરિત્રોનું શાન્તિથી મનન કરતાં આપણો આત્મા અલભ્ય લાભ મેળવી શકે માટે એમના ગુણોનું અનુકરણ કરીને આપણાં સંસાર વ્યવહારના દરેક કાર્યોમાં સાવધાન રહી આપણે પણ આત્મઉપયોગ કદી પણ છોડી દેવો જોઇએ નહીં, કે જેથી દુર્લભ એવા આ મનુષ્ય જન્મનું સાર્થક કેટલેક અંશે આપણે પણ કરી શકીએ.

બંધુજનો ! આ ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાનદાતા એક મુનિરાજે આત્મ-ભાવના વિષયમાં ઉપલો ઐતિહાસિક બનાવ ઘણી સરસ શૈલી અને માધુર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષામાં ઘટાવ્યો હતો તે મ્હને રૂચવાથી તથા આવા ઉચ્ચ કોટીના પુણ્યાત્મા-ઓનું સ્મરણ આપણા અંતઃકરણમાં તાજું રહી આપણા આત્માને પણ નિર્મળ બનાવે એવા શુભ હેતુથી મ્હારી પોતાની શુષ્ક ભાષામાં રજુ કર્યો છે તે કદાચ ન્યુનાધિક લખાયો હોય અગર તેમાં કાંઈ દોષ હોય તો તે માટે મ્હને ક્ષમા આપશો એવી યાચના સાથે વીરમું છું.

**શાહ છગનલાલ નહાનચંદ નાણાવટી**

**વેજલપુર—ભરૂચ.**

## મહાન વિભૂતીને !

૧ હે જગદ્વંદ્ય ? જ્યારે આપની રાગદ્વેષ વર્જિત અને નિર્વિકારી અને પ્રશાન્ત મુદ્રા દૃષ્ટિગોચર થાય છે ત્યારે હૃદય હર્ષથી તૃપ્ત થાય છે અને આનંદદાયક ઉમઓ પ્રગટે છે.

૨ હે હૃદયકુંજ શિરોમણી ? જ્યારે કોઈ મહાન લેખકને આપનું જીવન આળેખતો જોઉં છુ ત્યારે મને પણ ટુંકુ ખ્યાન રચવાની ઇચ્છા થાય છે અને કોઇ સુયોગ્ય શીલ્પીકારને આપની મનોમુગ્ધકર–નેત્રાનંદકારી પ્રતિમાને કોતરતો જોઉં છું ત્યારે મારૂં મન પણ તેની અંદર યત્કિંચિત્ પ્રયાસ કરવા પ્રેરાય છે.

૩ હે યોગીશ ? આપની સુધાસ્યંદીની વાણીના સમૂહ રૂપ “ વીરાગમ ” રૂપી પુષ્પવાટિકા જ્યારે દ્રશ્યમાન થાય છે તદા તેની ભોગી મકરંદ બની ગુંજારવ કરવાની તીવ્ર જીજ્ઞાસા ઉદ્ભવે છે.

૪ સુરાસુરનરાધીશ પૂજિત ? પ્રતિભાવાન અને અનાદ્યનંત આપના જૈન ધર્મને તજીને મનુષ્યો અન્યપંથમાં ભળતા જોવાય છે ત્યારે અનુકંપાની દૃષ્ટિથી અવલોકી રહું છું કે બીચારા મનુષ્યો અનંત નવો સંસાર ઉપાર્જે છે.

૫ હે જગદ્વિભો ? આપનામાં રહેલા, સમતા દઢપ્રતિજ્ઞત્વ, મનોસંયમ, ઉપસર્ગો પ્રતિ સહનશીલતા, વિ૦ ગુણોરૂપી મહાસાગરનું વર્ણન શ્રવણ કરૂં છું ત્યારે સ્થૂલ દેહરૂપી નૌકામાં બેસી વિહાર કરીને અલ્પ પણ જળ ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે.

૬ હે શાસનાધિપતિ ? આપના ગુણોના સમૂહરૂપી મેઘ જાલમાંથી તોયના એકજ બિંદુને વરસાવ.

જોજે હો, ઇચ્છિત મેળવવાને ઉદ્યુકત થયેલા ચાતકને નિરાશ ન કરતો.

એજ અંતિમ પ્રાર્થના.

**લે૦ ત્હારોજ બાળ–ગાંડાલાલ પો. શાહ—મેસાણા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "જ્ઞાન અને વિનય."

( રાગ–હરિગીત. )

વિધવિધ જનો આ જગતમાં જુઓ અહા ! કંઇએ થયા,
જ્ઞાની થયા તેતો રહ્યા બાકી બધા ચાલ્યા ગયા;
વિનય વિસરતાં જ્ઞાની પણ વિસ્મૃત થયા જગથી અહા !
અંધારૂ છે આ જીંદગીમાં જ્ઞાન'ને વિનય વિના. ૧

હા ! ઝળક ઝળકે જ્ઞાન તેજે જ્ઞાન ચક્ષુ જ્ઞાનીની,
જે દિવ્ય તેજે એ જુએ હા ! સકળ વસ્તુ વિશ્વની;
અજ્ઞાન જીવો ના જુએ પળમાં જુએ તે જ્ઞાની હા !
અંધારૂ છે આ જીંદગીમાં જ્ઞાન'ને વિનય વિના. ૨

આ જગત ચાલે ચક્રથી બે જ્ઞાન ને વિનય તણા,
બે મિત્ર સમ બે ચક્ર એ દે સ્હાય સજ્જનને સદા;
પ્રકાશ નાંખે એક ને મોહાન્ધ ટાળે અન્ય હા !
અંધારૂ છે આ જીંદગીમાં જ્ઞાન'ને વિનય વિના. ૩

જ્ઞાની ગ્રહે હા ! પ્રેમથી અમૃત પ્યાલા જ્ઞાનના,
ને પાન એ રસનું કરી આનંદ પામે તે સદા;
નિજ જ્ઞાનમાં જ્ઞાની જુએ હા ! દિવ્ય આનંદ દીવડા,
અંધારૂ છે આ જીંદગીમાં જ્ઞાન ને વિનય વિના. ૪

માટે કહું હે ! સજ્જનો ! ! વિદ્યાગ્રહો વિનય કરો,
ને હેય શું ? ને જ્ઞેય ઉપાદેય શું ? તે ઓળખો;
વિનય કરી વળી જ્ઞાન નિર્મળ પામી લોકાલોકનું,
સુખધામ પરમાનંદનું પામો સદાયે વાંછુ હું. ૫

વાડીલાલ જીવાભાઇ ચોકસી.
ખંભાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચર્ચાપત્ર.

અમારા આત્માનંદ પ્રકાશના ૨૬ મા ( ચાલુ ) વર્ષનાં પ્રથમ અંકમાં "નૂતન વર્ષનું મંગળમય વિધાન" નામના પ્રથમ લેખમાં પા. ૯ મે "સામાજીક અને ધાર્મિક પરિસ્થિતિ" ના મથાળા નીચે જે લખાણુ છે, તેમાં સામાજીક પરિસ્થિતિવાળા ફકરા માટેનો રા. મોતીચંદભાઇએ પોતાનો અંગત ખુલાસો ( જવાબ ) અમોને લખી મોકલ્યો છે, તે આ નીચે પ્રગટ કરવામાં આવે છે, અને રા. મોતીચંદભાઇના તે અંગત ખુલાસાનો જવાબ પણ આત્માનંદ પ્રકાશ માસિક કમીટીએ સાથોસાથ આપ્યો તે રા. મોતીચંદભાઇના ખુલાસા પછી ( નીચે ) આપવામાં આવ્યો છે. અમારા પ્રથમ અંકમાં "નૂતન વર્ષનું મંગલમય વિધાન" એ નામનો લેખ માસિક કમીટીએ લખેલો છે અને દર વર્ષના પ્રથમ અંકમાં તેવોજ લેખ માસિક કમીટી તરફથી મુકવામાં આવે છે, એ રા. મોતીચંદ ભાઇને જાણુમાં ન હોય તે સ્વાભાવિક છે જેથી તેમના અંગત લેખમાં બીજા પારેગ્રાફમાં અધિપતિ કે તેને ઉદ્દેશીને કરેલ લખાણુ અસ્થાને અને બીન ઉપયોગી છે વળી તેવીજ વ્યક્તિગત અંગત હકીકત તેમના બીજા પાનામાં પણુ છે જે આત્માનંદ પ્રકાશ "નૂતન વર્ષના મંગળમય વિધાન" વાળો લેખ માસિક કમીટીનો હોવાથી તેને સંબંધ નથી.

માસિક કમિટિ.

મુંબઇ તા. ૨૧-૯-૧૯૨૮

## સામાજિક પરિસ્થિતિના અમારા લેખ સંબંધી મી. મોતીચંદનો ખુલાસો.

### શ્રી આત્માનંદ પ્રકાશના અધિપતિ જોગ:

મુ. ભાવનગર.

આપના માસિકના ગત શ્રાવણુના અંકમાં "નૂતન વર્ષનું મંગળમય વિધાન" એ શિર્ષક નીચે લખેલા લંબાણુ લેખ સંબંધમાં મારે અંગત ખુલાસો કરવાનો છે તેને આપ આપના પત્રમાં સ્થાન આપશોજી.

આપના સદર લેખમાં અન્ય લેખકનું નામ ન હોવાથી તે અધિપતિનો લેખ ગણુાય અથવા તે અન્ય લેખક પાસે લખાવી તેની જવાબદારી તમે સ્વીકારી ગણુાય. એ દૃષ્ટિએ મારા વિચાર લખું છું. એ લેખમાં અનેક ચર્ચા ઉપસ્થિત કરેલી છે તેમાંની કોઇપણુ બાબતનો સ્વીકાર કે અસ્વીકાર કર્યા વગર માત્ર મારા જૈનધર્મ પ્રકાશના લેખને અંગે જે ટીકા કરી છે તેટલા ભાગને અંગેજ આ મારૂં લખાણુ છે એ આપશ્રીને રોશન થાય. એ આપનો લેખ "સામાજિક અને ધાર્મિક પરિસ્થિતિ" ના પેટા શિર્ષક નીચે શરૂ થાય છે.

સામાજિક અને ધાર્મિક વિષયની ચર્ચા કરવાની વાત શરૂ કરીને આપ ભવિષ્યમાં થવાના ઝગડાનો નીકાલ થઇ શકશે નહિ અને તેમાં નૈતિક કાયદાનો આશ્રય જોઇશેજ એમ લખો છો "ધર્મના કાયદાના મૂળ રૂપ નૈતિક કાયદો"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો હશે તે મારા જોવામાં આવ્યું નથી. મારા અભ્યાસમાં આવ્યું નથી.—છતાં આપ તેવો કોઇ કાયદો જાણતા હશો. પછી આપે મારે માટે જે ટીકા કરી છે તે તદ્દન અસ્તવ્યસ્ત અને મારો લેખ વાંચ્યા વગરની છે. એ વાત એટલી ગુંચવણ ભરેલી છે કે આપે સ્થળને ભોગે પણ મારો વૈશાખના જૈન ધર્મ પ્રકાશના અંકનો તે લેખ પ્રગટ કરવો યોગ્ય ગણાય. મારો તે લેખ નીચે પ્રમાણે છે. ( અહીં પૃ. ૭૧–૨ નો આખો લેખ દાખલ કરવો ) ( આ લેખ વગર નકામું છે. ) નાના ટાઇપે છાપી શકશો.

સદર લેખમાં એકજ મુદ્દો મેં ચર્ચ્યો છે. આ જમાનામાં સામાજિક પ્રશ્નો કોમ સન્મુખ વારંવાર આવશે, જોસભેર આવશે, તે વખતે ધર્મનું ક્ષેત્ર કેટલું ને જ્ઞાતિઓનું ક્ષેત્ર કયું એ વાતની હવે ચોખવટ કરી નાખવાની જરૂર છે. એ ચોખવટ નહિ થાય તો ભવિષ્યમાં ઘણો કચવાટ વધી પડશે.

સદર મુદ્દાને અંગે મેં જ્ઞાતિઓને અંદર અંદર લગ્ન કરવાની વાત કરી નથી કે વિધવાઓને પરણવાની વાત કરી નથી, સાદામાં સાદી ગુજરાતી ભાષામાં મેં એકજ મુદ્દાપર લેખ લખ્યો છે. મેં શરૂઆતમાં જણાવ્યું તેમ તે માસમાં ( ચૈત્રમાં ) મુંબઇમાં અગ્રવાલ કોમનું મોટું સંમેલન થયું હતું અને ત્યાં ધર્મ અને જ્ઞાતિ પ્રશ્નની પૃથક્કારિતા ન હોઇને એવો મોટો ગોટાળો થયો હતો કે તમે જો મુંબઇનાં દૈનિકો વાંચ્યાં હોય તો નૂતનતા લાગે. એવો ગોટાળો આપણી સમાજમાં ન થાય તેથી ધાર્મિક ક્ષેત્ર અને સાંસારિક ક્ષેત્રને પૃથક્ કરવાની અને તેની રેષા દોરી તેમાં ગુંચવણ ન થાય તેની વ્યાખ્યા કરવાની મારી ધારણા હતી અને હું ધારૂં છું ત્યાં સુધી મારા એ વિચાર એ વિષયમાં હું મારી અપૂર્ણ ભાષામાં બતાવી શક્યો છું.

આપ એ લેખમાંથી બ્રાહ્મણ શુદ્ર પરણે અથવા વિધવાઓ પરણે એવો સાર ક્યાંથી લઇ આવ્યા તે મારી સમજ શક્તિની બહાર છે. આપે વિધવા વિવાહનું ત્યાજ્યપણું બતાવવા શ્રીવિજયવલ્લભસૂરિનું ટાંચણ કરી વ્યવહારની પ્રરૂપણા કરી એ ઉપરાંત આપ આર્ય દાંપત્યભાવના અને લગ્નના ઉચ્ચ આદર્શો યોગ્ય રીતે બતાવી શકત. પણ મારે આપને જણાવવું જોઇએ કે એ ફલિતાર્થ મારા લેખમાંથી નીકળતો નથી અને આપ એવો વિચાર કાઢી આપો તો હું તો ખરેખર આપનો ઋણી થઇશ.

મારે આપને જણાવવું જોઇએ કે સદર મારા લેખમાં હું જણાવું છું તેમ એ સર્વ પ્રશ્નો ઉપર હું લખવા ધારૂં છું અને લખીશ, પણ સદર લેખમાં તો સદરહુ પ્રશ્નોને અંગે મારૂં વલણ શું છે એની આપ કલ્પના કરો તેને માટે પણ સ્થાન નથી. મેં ત્યાં સ્પષ્ટ લખ્યું છે કે એ પ્રશ્નોનો વિચાર કરવો પડશે પણ એને અંગે મારૂં મંતવ્ય શું છે તેના પર " અવકાશે વિચાર થશે " એમ મેં લખીજ દીધું છે. આપ એ સર્વ વીસરી ગયા જણાઓ છો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપ છેવટે લખો છો કે "કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ અને બાળલગ્ન જે વિધવા વિવાહનો સવાલ ઉપસ્થિત કરાવે છે તે નાબુદ કેમ થાય તેના વિચારોનું વાતાવરણ વધારે તેવા સામાજિક ઉન્નતિના માર્ગે અધિક ઉત્સાહવાળી લેખિનીથી પ્રયત્નશીલ થશો" એવી આપે મને "સપ્રસંગ સૂચના" કરી છે. આપની એ સૂચનાને હું હૃદયથી વધાવી લઉં છું. અત્યાર સુધી મેં કોઇ પણ સાંસારિક પ્રશ્નપર લેખ લખ્યો છે તે એજ ધોરણે છે. આપને તો કદાચ ધ્યાનમાં નહિ હોય પણ ખુદ આપને અંગેજ એવો લેખ મેં "સપ્રસંગ" લખ્યો હતો અને આપ તેથી ખુશીજ થયા હશો પણ મારે અત્યારે એટલુંજ જણાવવાનું કે જ્ઞાતિઓમાં "સંકર લગ્ન" કે "વિધવા વિવાહ" ને અંગે જૈન કોમે શું વલણ લેવું તેના પૃથક્કરણ સિવાય મારા અભિપ્રાયનું સદર લેખમાં દર્શન પણ નથી અને વારંવાર વાંચતાં આપ જે લખો છો તેવી સૂચનાને સ્થાન પણ તેમાંથી મળતું નથી.

કદાચ મારી સમજફેર હોય તેથી મેં બહુશ્રુત અને તદ્વિત ભાષા શાસ્ત્રીઓ પાસે મારો સદર લેખ વારંવાર વંચાવ્યો છે અને સર્વે એક મતે કહે છે કે તેને અંગે આપનો લેખ અસ્થાને અયોગ્ય અને કલ્પનાતીત છે. આપ લખો છો તેનો છાંટો પણ મારા લેખમાંથી નીકળી શકે તેમ નથી, છતાં આપ બતાવવા પ્રયત્ન કરશો તો જરૂર હું આભારી થઇશ અને ન કરી શકો તો આપની સદર ટીકા અસ્થાને હતી એટલી વાત સ્વીકાર કરવાની વિશાળતા જરૂર દાખવશો.

એક વાત કહી દઉં: હું ચર્ચાના લેખો ચર્ચા ઉપસ્થિત કરવા માટે જ લખું છું, ચર્ચાથી ડરતો નથી અને લેખનો જવાબ આપતો નથી, પણ અસત્કલ્પના કે કલ્પિત આરોપ સકારણ થયા ભાસે ત્યારેજ "સપ્રસંગ" આ લેખિની લખવા "પ્રયત્નશીલ" થાય છે.

આપે મારો લેખ વાંચ્યા વગરજ લેખ લખી નાખ્યો છે એમ લખું તો ધૃષ્ટતા કહેવાય, પણ વિચાર્યા વગર જરૂર લખ્યો છે એમ કહું તો ક્ષમા કરશો. મને ન્યાય ખાતર નીચેના મુદ્દા મારા લેખમાંથી સીધી કે આડકતરી કેવી રીતે પ્રાપ્ત થાય છે તે જણાવશો અથવા થયેલ સ્ખલના દૂર કરશો.

૧. મારા લેખમાંથી તમે કેમ તારવી શક્યા છો કે મારા કહેવા પ્રમાણે જૈન ધર્મ પાળતી વ્યક્તિને ગમે તે વર્ણાશ્રમમાં કન્યા આપી શકાય ?

૨. બેટી વ્યવહાર અને કન્યા લેવડદેવડમાં તમે શો તફાવત માનો છો ? (તમે પૃ. ૧૦ ની પ્રથમ ત્રણ પંક્તિમાં તફાવત કરો છો તે જુઓ.)

૩. દંભી જૈન અને અનર્થની તમારી કલ્પના મારા લેખમાંથી કેવી રીતે ફલિતાર્થ થાય છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪. વિધવા વિવાહનો પ્રશ્ન વિચારવો એટલે વિધવાઓને પરણાવી દેવી એવી કલ્પના કરવાનું કારણ આપને શું મળ્યું ? મારા લેખમાં એવો આશય પણ બતાવી શકશો ?

૫. વિધવા વિવાહની વિરૂદ્ધ દલીલો આપે કરી છે તે સાથે વિધવાના દુઃખો દૂર કરવાની વિચારણા આપને કર્તવ્ય નથી લાગતી ? વિધવાને ખાવાપીવાનો અને જીવવાનો હક્ક તો સ્વીકારશો કે એને સારૂ બે આંસું પાડવાં એ પણ "શુદ્ધ વ્યવહારથી" વેગળું ગણો છો ? મુદ્દાની વાત એ છે કે એ સંભાષણ મારા લેખના કયા ભાગમાંથી ઉદ્ધર્યું ?

૬. આપે બેટી વ્યવહાર વર્ણાશ્રમ અને વિધવા વિવાહના પ્રશ્ન સંકેલી લેવા જેવા ધાર્યા તે આપનો મત ધારણ કરવા આપ મુખત્યાર છો પણ આપને એમ નથી લાગ્યું કે એવા **વિચારોને નિમંત્રવા** માટેજ મારો લેખ હતો ? પણ એમાં મારો મત કદિ દર્શાવાયો નથી.

૭. વૃદ્ધ વિવાહ નાબુદ કરવા જતાં આ અસ્થાને આરોપ થયો છે તેના પ્રતિકાર અને પ્રાયશ્ચિત માટે આપ શું સહાય કરશો ?

૮. અનેક સાંસારિક પ્રશ્નો સંબંધી વિચાર બતાવવા સાથે હું પણ મારા વિચાર હવે પછી બતાવીશ એમ સદર લેખમાં મેં લખ્યું છે એ વાકય તરફ આપનું ધ્યાન ખેંચાયલું ખરૂં ?

સદર બાબતનો ખુલાસો કરશોજી. આપ ગમે તે મત ધરાવો તે સામે મારે વાંધો હોઈ શકેજ નહિ, પણ આપશ્રી મારા ઉપર ખોટો આરોપ કરો છો અને આપે મારા કેવા લેખો લખવા જોઈએ એ સંબંધી "સૂચના" કરવા પહેલાં મારો લેખ જરૂર વાંચવો હતો એટલું જો આપ સ્વીકારશો તો હું ઉપકૃત થઇશ. આ ચર્ચા હું લંબાવવા ઇચ્છતો નથી, પણ અઘટીત આક્ષેપ પૂરતોજ જરૂર હશે તો જવાબ આપીશ.

સેવક૦ **મોતીચંદ ગિરધરલાલ** કાપડીઆ.

---

## ૨૧. મોતીચંદભાઇના ખુલાસાનું અમારૂં સ્પષ્ટીકરણ.

પ્રસ્તુત પત્ર માટે શ્રીયુત મોતીચંદભાઇએ મોકલેલ લેખ 'સહાનુભૂતિ પૂર્વક' અમોએ ઉપર દાખલ કરેલો છે; હવે તે સંબંધમાં અમારો પ્રત્યુતર અમો નીચે મુજબ સ્પષ્ટ કરીએ છીએ. પ્રથમ દષ્ટિએ શ્રીયુત મોતીચંદભાઇને વિદિત થાય કે આત્માનંદ પ્રકાશનું નિયમન કાર્ય 'માસિક કમિટી' તરફથી થતું હો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી અધિપતિ અથવા લેખક સંબંધમાં આપે જે કાંઇ જણાવ્યું તેનો ખુલાસો અસ્થાને છે. હવે શ્રીયુત મોતીચંદભાઇએ જે ઉપરનો લેખ અમારા તરફ મોકલ્યો છે તેના મુખ્ય ધ્વનિ તરીકે એ ફલિત થાય છે કે 'મારો આશય નહિ સમજવાને અંગે આત્માનંદ પ્રકાશના શ્રાવણમાસના મંગલમય વિધાનમાં મારે માટે જુદી સમજવાળું લખાણ આવેલ છે.' તેના સંબધમાં જણાવવું જોઇએ કે જૈન ધર્મ પ્રકાશ—વૈશાકમાસનો તેમનો આખો લેખ 'સ્થળ સંકોચ' હોવાથી 'અક્ષરશઃ' અમો દાખલ કરી શકયા નથી; તટસ્થ વાચક વર્ગે એ આખો લેખ પ્રથમ વાંચી પછી મંગલમય વિધાનવાળો લેખ અને પછીથી આ પત્રમાં આવેલા તેમના તથા-અમારા બંને લેખો વાંચવા એ અમારી ભલામણ છે; હવે વૈશાક માસના તેમના લેખના જે વિભાગે અમોને તેમના વિચારો સામે **પ્રમાણિક વિરોધ** ઉત્પન્ન કરવાની ફરજ પાડી છે અને જે વિરોધ અમોએ 'મંગળમય વિધાનમાં' પ્રદર્શિત કરેલો છે તે વિચારોનો વિભાગ આ છે.

**"તેથી આપણે કદાચ એવો પણ નિર્ણય કરવો પડશે કે જ્ઞાતિના પ્રશ્નમાં સામાજિક બાબતમાં ધર્મને લાગે વળગે નહિં: આહારના પ્રશ્નમાં જૈન ગમે તે જ્ઞાતિનો હોય તેની સાથે આપણે જમાય કે નહિં ? અને વર્ણાશ્રમ ધર્મ માત્ર વેદાનુયાયીને લાગે છે કે જૈનને એની સાથે કાંઇ સંબંધ ખરો ? એ વિચારવાનું છે અને જૈન અરસપરસ કન્યા વ્યવહાર કરે તેમાં ધર્મની નજરે કાંઇ વાંધો આવે છે કે નહિ ? અને છેવટે વિધવાવિવાહના પ્રશ્નનો પણ વિચાર તો કરવોજ પડશે."**

ઉપરનાં વાકયોને અનુસરીને અમોને એમ લાગ્યું છે કે મોતીચંદભાઇ જેવા વિદ્વાન વિચારક જો 'વિધવા પુર્નલગ્નનો સવાલ તેમજ વર્ણાશ્રમ ધર્મ એ વેદ વિહિતજ માત્ર હોઇ જૈનને અમાન્ય હોવાને અંગે રોટી બેટી વ્યવહારના પ્રશ્ન સાથે સાંકળવાનો વિચાર' જ્ઞાતિ સમક્ષ ચર્ચવા સપાટી ઉપર લાવવા કટિબદ્ધ થાય તેમાં અનેક અનર્થો ધાર્મિક તેમજ સામાજીક દૃષ્ટિએ રહેલા છે; અમો માનસ શાસ્ત્રની ( psychology ) દૃષ્ટિએ એમ માનવાવાળા છીએ કે પ્રત્યેક વિચારનું સર્જન ( creative power ) પ્રથમ માનસ દ્વારા ( mental ) ઉત્પન્ન થાય છે પછી શબ્દદ્વારા ચર્ચાત્મક બને છે અને પછીથી નિર્ણયાત્મક બનતાં સક્રિય આચારમાં મુકાય છે. વસ્તુસ્થિતિ આમ હોઇ કેટલાક પ્રશ્નો એવાજ હોય છે કે જે ધર્મના નૈતિક નિયમોથી ( moral principles ) વિરોધી હોય તેને વિચારણા માટે અવકાશ આપવાની આવશ્યકતા હોતી નથી; જેમકે જૈન ધર્મ પ્રકાશના ભાદરવા માસના અંકમાં પૃ. ૨૨૨ નોંધ અને ચર્ચામાં જ્ઞાતિ કલહના હેડીંગ નીચે રા. મોતીચંદભાઇએ પોતેજ દર્શાવેલ શબ્દો "આપણા ધર્મ અને વ્યવહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવી રીતે સંકલિત થયેલા છે કે એને અત્યારે એક બીજાથી જુદા પાડી શકાય તેમ નથી " તેને અનુસરીને તેમજ જ્ઞાતિના નૈતિક નિયમો અને ધર્મ વચ્ચે આધ્યાત્મિક કાર્ય કારણનો નિયમ ( law of spiritual cause & effect ) ચાલુ હોય છે તેથી; સ્થૂલ દૃષ્ટાંત તરીકે ' સટ્ટામાં ' અનેક મનુષ્યો કદાચ શ્રીમંત થઇ જાય છે; તેમ બનવાથી સામાજિક કાયદાની વિચારણામાં ' સટ્ટો ' સમાજની દરેક વ્યકિતએ શામાટે ન કરવો ? એ પ્રશ્નનો વિચાર કરવા માટે અમુક મનુષ્ય સમાજમાં દરખાસ્ત લાવે તે વિચાર ' પરિણામ વાદ ' ની દૃષ્ટિએ સમાજનો વિધ્વંસ કરનાર હોવાથી તે વિચાર લાવનાર ઉત્તેજનને પાત્ર ન થઇ શકે તેવીજ રીતે વિધવા વિવાહની વિચારણા કરવા માટે સમાજને અવકાશ આપી શકાય નહિં; કેમકે ' સટ્ટો ' એ દ્યૂતનો એક પ્રકાર છે અને દ્યૂત વિગેરે સપ્ત વ્યસનોએ જૈન ધર્મના સૈદ્ધાંતિક કાયદાનું નહિં પરંતુ નૈતિક કાયદાનું ( Maral law ) ઉલ્લંઘન છે; આ નૈતિક નિયમોના ભંગદ્વારા ધાર્મિક અધઃપતન સરજાય છે માટે તેને આદર આપી શકાય નહિ; તેવીજ રીતે બહુશ્રુત પૂજ્યપાદ શ્રીમદ્ વિજયવલ્લભસૂરિએ બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને વિધવાવિવાહ મર્યાદા બહાર સૂચવેલાં હોવાથી નૈતિક નિયમોના ભંગ તરીકે હોઇ તે કરવાનો કાયદો કરવાનો પ્રશ્ન સમાજમાં લાવી શકાય નહી; આ અમારી પ્રમાણિક માન્યતા અમોએ શાસ્ત્રીય રીતે વિચાર્યા પછીજ સમાજ સમક્ષ મુકેલી છે.

હવે ભાઇશ્રી મોતીચંદભાઇના અન્ય પ્રશ્નના પ્રત્યુત્તરમાં ' નૈતિક કાયદો ' કોને કહેવાય ? તે સંબંધમાં નિવેદન કરવાનું કે ગૃહસ્થ ધર્મના પાંચ અણુવ્રતો એ ધર્મના સિદ્ધાંતોનો ' વ્યવહાર વિભાગ ' ( practical division ) છે જેના પાલનદ્વારા મનુષ્ય ' આધ્યાત્મિક નિશ્ચય વિભાગ ' ( spiritual absolute division ) ' આત્મ ધર્મ તરફ પ્રગતિ કરી શકે છે; પ્રસ્તુત વ્યવહાર વિભાગને ટકાવી રાખનાર વ્રતોમાં અતિચાર નહિ લગાડવા રૂપ ધર્મનો નૈતિક વિભાગ છે; આ નૈતિક વિભાગના પાલન વગર મનુષ્યનું ધાર્મિક વ્યવહારૂ જીવન પ્રગતિ કરી શકે નહિં; જેમકે થાપણ ન ઓળવવી, ખોટી સાક્ષી ન પુરવી, દાણ ચોરી ન કરવી, મદિરા વિગેરે સપ્ત વ્યસનો ન સેવવાં, વિધવા વિવાહ વડે થતા ' એકપતિવ્રતમાં ' ક્ષતિ–વિષય વાસનાની અમર્યાદિત વૃદ્ધિ અને પતિહત્યા પર્યંત પહોંચતા અનર્થોની પરંપરાથી સંરક્ષણ, બાળલગ્ન અને વૃદ્ધ લગ્નની મર્યાદામાં રહેવું વિગેરે જેને નીતિના સામાન્ય નિયમો કહેવામાં આવ્યા છે અને જે નિયમોના પાલનદ્વારા ધર્મના વ્યવહાર–વિભાગ–વ્રતોને ક્ષતિ પહોંચતી નથી; સમાજ જે નિયમો સાચવવાથી ધાર્મિક તેમજ સામાજીક દૃષ્ટિએ ( religious & relative view ) ઉત્કાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિમાં ( evölution ) પ્રગતિ કરે છે તેને શાસ્ત્રકારોએ 'નૈતિક નિયમોના પાલન પુર્વક વિશુદ્ધ [1]વ્યવહાર' ના નામથી સંબોધન કરેલું છે.

હવે વિધવા વિવાહના સવાલને અંગે જો કે અત્યારે અનેક વર્તમાન પત્રોમાં અનેક જ્ઞાતિઓ અને સમ્મેલનોમાં પુષ્કળ ચર્ચાઓ તેની તરફેણમાં થાય છે પરંતુ તે ઉપરથી જૈન ધર્મ પાળતી જ્ઞાતિઓ તે સવાલને ચર્ચવા કટિબદ્ધ થાય અને કદાચ એકઠી થયેલી બહુમતિના નિર્ણયને માન આપી તે પ્રચલિત કરે તો અમો તો તે સમાજનું અધઃપતન માનવાવાળા હોઇને તેવા વિચારોને ચર્ચવા અવકાશ આપવા સમ્મત થઇ શકતા નથી; એટલી ભલે અમારી સંકુચિતતા રા. મોતીચંદ ભાઇને દેખાય; માત્ર અમોએ તો વિચારપૂર્વક એટલુંજ જણાવેલું છે કે ભાઇશ્રી મોતીચંદભાઇ જેવી અગ્રગણ્ય વ્યક્તિ પ્રસ્તુત વિધવાવિવાહના વિચારો પ્રચલિત કરાવવાદ્વારા પરિણામે થતા ધાર્મિક અધઃપતનના નિમિત્તભૂત તરીકે ન થાય; એટલું "મિત્રભાવે" ઇચ્છવા સાથે અમારે અમારા વિચારો પ્રમાણિકપણે દર્શાવવાની અમારી ફરજ હતી; હવે તે અમારા વિચારો તેમને ઉચિત લાગે કે નહિં તે ઉપર અમારો તેમને આગ્રહ હોઇ શકેજ નહિ; તેઓ તેમના વિચારો ચચાવી શકે છે. અમારે તેમના વિચારોનો ધાર્મિક દૃષ્ટિએ પ્રમાણિક વિરોધ કરવો તે અમારા અભિપ્રાયનો સવાલ છે.

પ્રસંગોપાત્ત પ્રસ્તુત પ્રશ્નને અંગે એક વિશેષ મુદ્દા તરફ રા. મોતીચંદ ભાઈનું અમો લક્ષ ખેંચીએ છીએ; રા. કુંવરજીભાઇ કે જેઓ ગૃહસ્થ પંક્તિમાં બહુશ્રુત અને અનુભવી વ્યકિત તરીકે સુપ્રસિદ્ધ છે તેમણે તાજેતર પ્રસિદ્ધ કરેલા ગૌતમકુલક પ્રકરણના વિવેચન પૃ. ૬૬ આ શબ્દો ટાંકેલા છેઃ—

"પુરૂષની જેવી છુટ વાપરવાની ઇચ્છાવાળી સ્રીઓ બ્રહ્મચર્યનું ખરૂં સ્વરૂપ સમજતી નથી એમ જાણવું; કેમકે પુરૂષ જેવી છુટ ભોગવવા જતાં સ્રીને શિયળ દૃઢપણે પાળવું તે પણ મુશ્કેલ થઇ પડે છે."

આ ઉપરથી "પુરૂષ એક સ્રીને અભાવે મર્યાદિત ઉમ્મરમાં બીજી સ્રી પરણે છે" તે દૃષ્ટાંત સ્રી તરફથી લેવાથી અનર્થોનું મૂળ 'પરિણામવાદ' માં રહેલું છે એ સ્પષ્ટ રીતે ફલિત થતું હોવાથી વિધવાપુનર્લગ્નના સવાલને પણ સમાજ સમક્ષ ઉપસ્થિત કરવામાં અનર્થપરંપરા રહેલી છે એમ અમારૂં મંતવ્ય છે.

હવે રા. મોતીચંદભાઈએ 'વર્ણાશ્રમ વ્યવહાર' ના અનુસંધાનમાં તેમના જે વાકયો અમોએ મોટા અક્ષરોથી ઉપર દર્શાવેલા છે તેના પ્રત્યુત્તરમાં નિવે-

---

૧ ततो धर्म प्रधानो व्यवहारइतिसूत्र ૫૪ ધર્મબિંદુ શ્રીમદ્ હરિભદ્રસૂરિ અધ્યાય ત્રીજો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દન કરવાનું એ છે કે જૈનધર્મ એ વિશ્વધર્મ હોઇ તેમાં ' મૈત્રીભાવ ' પ્રત્યેક વ્યક્તિ સાથે કરવાનો સિદ્ધાંત છે; તેને અનુસરીને પ્રત્યેક વ્યક્તિને આપણા બંધુ તરીકે ગણી વિશાળભાવનાની દષ્ટિએ આપણે દરેક આશ્રમની વ્યકિત જો તે જૈનધર્મ પાળતી હોય તો તેને તમામ અન્ય સગવડો આપી ઉન્નત કરવા બંધુ ભાવનો સક્રિય અમલ કરવો એ તરફ અમો સંપૂર્ણ સહાનુભૂતિ ધરાવીએ છીએ; પરંતુ તે ઉપરથી ' વર્ણાશ્રમ ધર્મ ' કે જેમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિએ (Scientific view) દરેક જૈનધર્મ પાળનાર વ્યકિત સાથે 'આંતર લોહી' વહેંચી શકાય નહિં; તેમાં પરમાણુવાદ (Materialism) વારસાગત સ્વભાવવાદ ( Inherited naturalism ) અને સમાજ અપક્રાંતિવાદ ( Social involutionism ) ના પુષ્કળ સવાલો કુદરતના નિયમોને અનુસરીને રહેલા છે. એક દ્રષ્ટીએ જેમ મનુસ્મૃતિ પ્રમાણે અનુલોમ-પ્રતિલોમ લગ્નના કાયદાના ભંગને અનુસરીને અનર્થો ઉત્પન થાય છે તેમ બીજી દ્રષ્ટિએ ' જુંગિત ' ( શૂદ્ર ) ને જ્યાં દીક્ષા દેવાનો અધિકાર ધર્મબિંદુની ટીકામાં શ્રીમદ્ મુનિચંદ્રસૂરિ આપવાની ના પાડે છે ત્યાં ઉચ્ચ વ્યવહાર-વિશુદ્ધવ્યવહારનો દાવો ધરાવતો સમાજ શૂદ્ર વિગેરે વર્ણો વચ્ચે ' કન્યા લેવડ દેવડનો વ્યવહાર ' કેમ વિચારી શકે ? આ હકીકત અમારી સામાન્ય સમજ સાથે પણ બંધ બેસતી નથી; શ્રીયુત મોતીચંદભાઇ જેવા દીર્ઘમનનવાળા વિચારક તે પ્રશ્નને સમાજ સમક્ષ ચર્ચવા ખડો કરે એ પણ એવડું આશ્ચર્ય ઉત્પન્ન કરાવે છે.

ભાઇશ્રી મોતીચંદભાઇના પાંચમા પ્રશ્નના પ્રત્યુત્તરમાં નિવેદન કરવાનું એ રહે છે કે તેઓ વિધવાવિવાહ વિરૂદ્ધ વિધવાઓની અન્ય તમામ પરિસ્થિતિઓ સુધારવા માટે પોતાની વિદ્વત્તા અને લાગવગનો ઉચ્ચ આશયવાળો હેતુ પાર પાડવા તૈયાર રહેતા હોય તો અમો પણ અમારાથી બનતી સહાય અર્પવાનું તેમને વચન આપીએ છીએ અને તેમના એ સદ્દવિચારો માટે એ અમારી મંગલ મનઃકામના સંપૂર્ણ સહાનુભૂતિ સાથે વ્યકત કરીએ છીએ અને વિશેષમાં એ સૂચના તેમને કરીએ છીએ કે વિધવાવિવાહનો પ્રશ્ન સમાજ સમક્ષ ઉપસ્થિત નહિં કરતાં વિધવા ઉદ્ધારમાં લાખોની સખાવત કરાવવા તેઓ જૈન શ્રીમંતોને પ્રેરણા કરી વિધવાઓની આશિષો જલ્દી પ્રાપ્ત કરે અને એ દ્વારા વિધવાઓનાં ધાર્મિક જીવનને પરિપુષ્ટ કરાવી તેમના જેવી આગેવાન વ્યકિત વિધવાઓની ઉન્નતિ સંબંધમાં સારામાં સારૂ રચનાત્મક ( Constructive) કાર્ય કરી બતાવે.

આ રીતે એમના લેખના વિચારો પરત્વેનો અમારો આરોપ ' ધાર્મિક દ્રષ્ટિએ ' અસ્થાને નથી થયો એ નમ્ર પણ દઢપણે નિવેદન કરતાં અમારે જણાવવું જોઇએ કે શ્રીયુત મોતીચંદભાઇના તમામ પ્રશ્નાનો ઉત્તર જુદાં જુદાં દ્રષ્ટિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બિંદુઓથી સમુચ્ચય રીતે અપાઈ ગયો છે છતાં પણ તેમણે પુછેલા પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ તેમાંથી તારવી શકાય.

(૧) આપના જે વિચારોને વિભાગ અમોએ ઉપર આપનાજ વાકયોમાં નીચે મોટા અક્ષરોથી દર્શાવેલ છે તેનેજ અંગે અમોને 'પ્રમાણિક વિરોધ' ઉત્પન્ન કરવાની ફરજ પડી છે. તે ઉપરથી આપને આપે ઉપસ્થિત કરેલા પ્રશ્નોને ખ્યાલ આવી જશે.

(૨) બેટી વ્યવહાર અને કન્યા લેવડદેવડમાં અમો તફાવત માનતા નથી; શ્રાવણ માસના આત્માનંદ પ્રકાશ પૃ. ૧૦ ની પ્રથમની ત્રણ પંકિતમાં આપ વિચારીને જોશો તો માલુમ પડશે કે અમોએ બન્ને હકીકતમાં કશી વિરૂદ્ધતા પ્રતિપાદન કરેલી નથી; બલ્કે 'રોટી બેટી વ્યવહાર' એ શબ્દની આગળ અધ્યાહાર તરીકે 'વર્તમાન જૈન જ્ઞાતિઓ વચ્ચે' એ શબ્દો ગ્રહણ કરી લેશો તો સમજમાં આવી જશે.

(૩) વર્ણાશ્રમ રોટી બેટી વ્યવહારમાં અનર્થ પરંપરાની અમારી કલ્પના ભિન્ન ભિન્ન આશ્રમોની વ્યકિતઓના સ્વભાવો અને પરમાણુવાદની વૈજ્ઞાનિક દ્દષ્ટિએ અમોએ ઉપરોક્ત હકીકતમાં દર્શાવેલી છે અને 'નીચે લીંટીવાળા' ઉપર દશાવેલા આપના પ્રશ્નોએ આપ તે હકીકત સમાજ સમક્ષ ચર્ચવા સપાટી ઉપર લાવો છો તેથી કલ્પના કરવાનું કારણ અમોને ઉપસ્થિત થયેલું છે; 'દંભી જૈન' ની અમારી કલ્પના વર્ણાશ્રમને અંગે સ્થૂલ દ્દષ્ટિએ અને સ્વભાવો અને પરમાણુવાદની દ્દષ્ટિએ તે કલ્પના આજરોજ અમોએ સૂક્ષ્મ આકારમાં પ્રદર્શિત કરેલી છે તે લક્ષમાં લેશો.

(૪) વિધવા વિવાહના પ્રશ્નની વિચારણામાં આપ વિધવા–વિવાહ એટલે વિધવાઓને પરણાવી દેવાના વિચારમાં છો એવી કલ્પના અમોએ અમારા લેખના કોઇ પણ વિભાગમાં કરી નથીજ; પરંતુ ઉપરોકતરીતે આપના જેવી ધાર્મિક વ્યકિત સમાજને અને ધર્મને અધોગતિમાં લાવનાર 'તેવા' પ્રશ્નને ચર્ચાના ક્ષેત્રમાં મુકે એ અમોને આશ્ચર્યજનક લાગે તે સ્વાભાવિક છે.

(૫) વિધવાવિવાહની વિરૂદ્ધ દલીલો આગળ કરી અમો વિધવાનાં અન્ય તમામ દુઃખો દૂર કરવામાં આપની સાથે મજબુત સહાનુભૂતિ દર્શાવીએ છીએ. આપ વિધવા દુઃખ નિવારણનું એ કાર્ય અધિક ઉત્સાહ અને ત્વરાથી જીવનનાં અગત્યનાં કર્તવ્ય તરીકે સ્વીકારતા હો તો અમો અમારાથી બનતી સહાય અર્પવા વચન આપીએ છીએ, અને એ કાર્યને અમો 'શુદ્ધ વ્યવહાર'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થી વેગળું નહિં ગણુતાં 'વિશુદ્ધ વ્યવહારની' સાથે 'ધાર્મિક' તેમજ 'આધ્યાત્મિક' ઉન્નતિજનક પરંપરાએ માનીએ છીએ; તેમજ વિધવા-વિવાહનો પ્રશ્ન ઉત્પન્ન થવાના કારણો વૃદ્ધવિવાહ અને બાળલગ્ન અટકાવવા ઉત્સાહપૂર્વક પ્રગતિમાન્ રહેશો એવી સદિચ્છા આપના માટે અમો રાખીએ તો અસ્થાને નથી.

(૬) વિચારોને નિમંત્રવા એ જુદી હકીકત અને આપનો મત એ જુદી હકીકત એ ભલે માનસશાસ્ત્રની દૃષ્ટિએ હોય પરંતુ આપ વિધવા વિવાહના વિચારના નિર્ણયને સમ્મત નજ હો એમ અમો માની લઇએ તોપણ આપના જેવી ધાર્મિક વ્યક્તિ સમાજને વિધવાવિવાહના વિચારો કરવા માટે પણ નિમંત્રણ કરી શકે નહિં; આ અમારો 'પ્રમાણિક વિરોધ' છે.

(૭) અમારો આરોપ અસ્થાને થયો નથીજ; આપના શબ્દો અને તે ઉપર અમારૂં નિવેદન શાંતિપૂર્વક તપાસશો તો સાબીત કરી આપશે; કેમકે અમો સમાજને ધર્મના વ્યવહારૂ અને નૈતિક વિભાગથી જુદો પાડવાની માન્યતાવાળા નથી; મોટા અક્ષરોથી શરૂઆતનું ઉપર દર્શાવેલું આપનું વાકય "**તેથી.... નહિં**" આપ તપાસશો તે સાથે આપેજ જૈનધર્મ પ્રકાશના ભાદરવા અંકમાં નોંધ અને ચર્ચામાં પૃ. ૨૨૨ જ્ઞાતિકલહના હેડીંગ નીચે દર્શાવેલું "**આપણા ધર્મ અને વ્યવહાર એવીરીતે સંકલિત થયેલા છે કે એને અત્યારે એક બીજાથી જુદા પાડી શકાય તેમ નથી.**" આપનાં વૈશાક માસનાં વાકયોથી 'વિરોધી દૃષ્ટિબિંદુ' રજુ કરે છે; અમો ભાદરવા માસમાં આપે નિવેદન કરેલા "**આપણા....નથી**" એ આપના વાકયને સમ્મત હોવાથી પ્રતીકાર કે પ્રાયશ્ચિત્તની આવશ્યકતા આપને રહે તે સ્વાભાવિક છે; પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના વિચારો દર્શાવવાને તેમજ બીજી વખતે ફેરવવાને સ્વતંત્ર છે; એટલે અમો તેમાં સહાય શું આપી શકીએ તે અમો સમજી શકતા નથી.

(૮) ચર્ચાના સ્થાનોની 'નામરેખા" અને 'અવકાશે તેના ઉપર વિચારો કરવાની આગાહી' એ બન્નેમાં–" આપણે કદાચ એવો પણ **નિર્ણય** કરવો પડશે. વિગેરે વિગેરે તેમજ વિધવા વિવાહના પ્રશ્નનો પણ વિચાર તો **કરવોજ** પડશે. એ આપના શબ્દો દ્વારા આપ 'માત્ર નામરેખા' નું સ્વરૂપ દર્શાવો છો તે અમો સમજી શકતા નથી બલ્કે એમ માનીએ છીએ કે 'નિર્ણય' અને 'જ' શબ્દો આપનાં વિચારોનું પ્રાથમિક સ્વરૂપ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને વિચારોનું દ્વિતીય સ્વરૂપ ( Second stage ) આપ અવકાશે મુકવા ધારો છો; આ અમારી માન્યતા અસ્થાને નથી; એમ અમોને લાગ્યું છે.

હવે આ ચર્ચા આટલેથી સમાપ્ત કરીએ છીએ; કેમકે શ્રીમદ્ આનંદઘનજીના ' તર્ક વિચારે રે વાદ પરંપરારે ' એ અનુભવી વાકયને અનુસરીને ચર્ચાનો નીકાલ થઇ શકે નહિં; નાહક તેમાંથી વિતંડાવાદ જન્મે અને વિચાર ભેદનો અવકાશ વ્યક્તિગત ભેદ પ્રગટાવે જે કદીપણ ઇચ્છવા જોગ હોઇ શકે નહિ. આ ઉપરથી રા. મોતીચંદભાઇને વિદિત થાય કે અમારો આપના તરફ વ્યક્તિગત કશો પણ આક્ષેપ હતો નહિં; માત્ર વિચારભેદને અંગે વિચારો તરફ હતો; તદુપરાંત નૈતિક નિયમોની વ્યાખ્યા આપે માગેલી તે સિદ્ધ કરવા જતાં તેમજ ઉપરોક્ત બન્ને હકીકતો ' વર્ણાશ્રમ વ્યવહાર અને વિધવાવિવાહ ' સમાજસમક્ષ ચર્ચવા માટે ઉપસ્થિત કરો તે અયોગ્ય છે તે દર્શાવવા ખાતર પ્રસ્તુત લેખમાં કાંઇ વિષયાંતર જેવું આપને લાગતું હોય તો તે સકારણ છે તે લક્ષમાં લેશો; એટલું સ્પષ્ટીકરણ કરી વિરમીએ છીએ.

**[ આત્માનંદ પ્રકાશ માસિક કમિટી ].**

## ચર્ચા પત્ર. ( બીજું )

**સુજ્ઞ મહાશયઃ—**

આપના જ્યેષ્ઠ માસના " આત્માનંદ પ્રકાશ " ના અંકમાં " શિખર પરથી દ્રષ્ટિપાત " ના લેખમાં પા. ૨૮૫ પર જૈન સાહિત્ય પ્રચાર કેવી રીતે થાય, તે વિષે થોડા વિચારો દર્શાવવામાં આવ્યા છે. જે વિચારો ઉત્તમ કોટીના કહી શકાય—

તમારા વિચારને હું લગભગ મળતો છું છતાં પણ થોડા વિચારો દર્શાવું છું તે અયોગ્ય તો નહિં જ ગણાય.

આપના જણાવેલ વિચારો પ્રમાણે વર્તવાને આપણો "જૈન સમાજ" તૈયાર છે કે કેમ— મદદ આપે તેમ છે કે કેમ—અને મદદ આપે તો કયા પ્રકારની એ સર્વ જાણવું આવસ્યક છે.

મ્હારા નીચેના વિચારો તમને યોગ્ય લાગે તો તમારા આત્માનંદ પ્રકાશના આવતા અંકમાં છાપવાને તસ્દી લઇ કૃતાર્થ બનાવશો.

આપણે આપણો જૈન ધર્મ તેમજ તેને લગતું સાહિત્ય પ્રચારમાં લાવવાને એક ગુજરાતી સસ્તા સાહિત્ય જેવી બલ્કે તેથી ઉંચ પ્રકારની સંસ્થા સ્થાપવી જોઇએ. પણ તેમ કરવાને નીચેની જરૂરીઆતો પુરી પાડવી જોઇએ.

(૧) શેઠીઆઓ તરફથી પૈસાની સારી મદદ મળવી જોઇએ.

(૨) સંસ્થા સ્થાપવા માટે કેટલા રૂપીઆ ( Cash ) જોઇએ તે નક્કી કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) અમુક જૈન ભાઇઓએ પગારથી કે બીન પગારથી સંસ્થાના આ ફંડ માટે ગામે ગામ ફરવું જોઇએ. અથવા " સૌરાષ્ટ્ર પત્ર " જેમ હુંડી મોકલે છે તેવી રીતે આપણે પણ એકાદ જૈન પત્રમાં હુંડી મોકલવી. ( જો હુંડી સ્વીકારાય તો ઠીક નહિં તો ૩ માં બતાવ્યા પ્રમાણે થવું જોઇએ. )

(૪) વ્યવસ્થાપકો વિશ્વાસ પાત્ર તેમજ ખંતીલા હોવા જોઇએ.

(૫) સાહિત્ય બહાર પાડયા પછી કેટલાક માણુસોને ગામે ગામ પ્રચાર કરવા મોકલવા જોઇએ.

(૬) સાહિત્ય બને ત્યાં સુધી મફત અને તેમ બનવું અશક્ય લાગે તો અડધી કીંમતે વેચાવું જોઈએ.

અંગ્રેજ લોકોની માફક આપણે જૈન ધર્મ ફેલાવવાને જૈન સાહિત્ય મફત આપવું જોઇએ.

તેઓ જેવી રીતે , કે " લુકના " " ઇસુના " વિગેરેના જીવન વૃતાંતો pauphlets રૂપી બહાર પાડે છે અને પૈસે કે બે પૈસે વેચે છે તેવીજ રીતે આપણે પણ વીર પ્રભુના તેમજ વિદ્વાન સાધુ પુરૂષોનાજીવન વૃતાંતો pauphlets રૂપે બહાર પાડયા જોઇએ અને એકદમ જુજ કિંમતે વેચવા જોઇએ.

મારા ધારવા પ્રમાણે આપણા જૈન ધર્મમાં એક પણ પુસ્તક એવું નથી કે ફક્ત તે એક જ પુસ્તક વાંચ્યાથી કોઇ પણ મનુષ્ય જૈન ધર્મ અંગીકાર કરે. અરે ! આપણા તત્વોનો સંપૂર્ણ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય એવું પણ એકે પુસ્તક નથી. આપણી પાસે જો કોઇ આપણા ધર્મનો સમાવેશ થતું પુસ્તક માગે તો એવા વખતે આપણે નીચુ ઘાલવું પડે છે, એમ કહું તો પણ ચાલે-તો પછી શા માટે આપણે એક આવું પુસ્તક પ્રથમ છપાવવું ન જોઇએ ? અને સંસ્થા સ્થપાયા પછી આ કામ આપણે પ્રથમ કરવાનું છે-આપણું છુટું છવાયું સાહિત્ય ભેગુ કરીએ તોજ આ કાર્ય થઇ શકે તેમ છે માટે આપણું સાહિત્ય અત્યારથી ભેગું થવા માંડે તો શું ખોટું !

અંગ્રેજ લોકો તેમનું ધર્મ પુસ્તક " બાઇબલ " મફત આપે છે તેવીજ રીતે આપણે આપણું આવું પુસ્તક મફત જ આપવું જોઇએ.

આપણું સાહિત્ય દરેકે દરેક કોમને આપવું જોઇએ. મુસલમાનોને આપવાને પણ બાદ જણાતો નથી.

આપણો " જૈન " ધર્મ ધીમે ધીમે અધોગતીએ પહોંચતો જાય છે તો તેને તેના મૂળ સ્થાને લાવવાને આપણો જૈન સમાજ આટલું નજીવું કાર્ય કરવામાં આવે તેમાં કાંઇ નવાઇ તો નજ ગણી શકાય. અને છુટે હાથે મદદ તો આપશે જ એમ સર્વ કોઇ ધારી શકે.

આપણે લાખો રૂપીઆ ઉજમણાં-જાત્રા-સંઘ વિગેરેમાં ખર્ચી નાખીએ છીએ. તે પુન્ય થશે એવી માન્યતાએ પણ મ્હારા વ્હાલા બંધુઓ તમને તેથી પણ વધારે પુન્ય આપણે એક આવી સંસ્થા ઉભી કરીએ તેમાં આપવાથી થશે, ઉપરાંત આપણા ધર્મનો અને આપણા સાહિત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નો એ હોળો ફેલાવો થશે-વિધંશમાં આપણો "જૈન ધર્મ" અધોગતિના છેલ્લે પગથીએ પહોંચતો અટકી પડશે.

જૈન ભાઇઓ મ્હારી આટલી વિનંતી ધ્યાનમાં લેશે તો ખોટું નહિં ગણાય.

મ્હારા સુક્ષ્મ વિચારો જૈન બંધુઓ આગળ રજુ કરી વીરમું છું.

**શાંતીલાલ વી. શેઠ.** મહેસાણા.

# પ્રકીર્ણ.

## શ્રી ગાંધીજીના પાવકની જવાળાના લેખ અને કૃત્ય સંબંધી અમારા વિચારો.

અહિંસા, સત્ય અને સાદાઇના પાઠ હિંદની પ્રજાને શિખવનાર અને વર્તનમાં મુકાવનાર અને જેને લઇને મહાત્મા જેવું બિરૂદ ધરાવનાર શ્રીયુત ગાંધીજી જેવી પ્રભાવશાલી ગણાતી વ્યક્તિ જ્યારે એક વાછરડાનું આયુષ્ય પૂર્ણ થયા સિવાય ઇરાદાપૂર્વક તેના પ્રાણુ હરણ કરાવે તેને મરાવી નાખે અને તેમ છતાં પણ પોતે પોતાની મનની માનેલી અહિંસા કહી દુનીયા પાસે પણ તેવી ( જીવલેણુ હિંસા છતાં ) અહિંસા કહેવરાવવા માંગે જે જાણી હિંદની સર્વ આર્યપ્રજા દિલગીર થાય તે સ્વાભાવિક છે. હિંદની આર્યપ્રજા કે જેમના ધર્મનો મૂળ સિદ્ધાંત "અહિંસાપરમો ધર્મ" છે તે પ્રજાનો કોઇ પણ મનુષ્ય ગાંધીજીએ કરેલા ઇરાદાપૂર્વકના હિંસાના આ કૃત્યને અહિંસા કહે તે બનવા જોગ નથી પરંતુ ગાંધીજીએ કરેલ અહિંસાના કાર્યને લઇને તેમને પૂજનારાઓનો પણ તેમના પ્રત્યે કદાચ પૂજ્યભાવ ઓછો થાય તે પણ બનવાજોગ છે. રીબાતા વાછરડાનો પ્રાણુહરણ કરાવ્યા છતાં ગાંધીજીએ તા. ૩૦-૯-૧૯૨૮ના નવજીવનના પાવકની જવાળાના પોતાના લેખમાં પોતાની સ્વેચ્છા અને સ્વતંત્રતાની અવધિ કરવા સાથે તેઓ હદ ઓળંગી ગયા છે.

અત્યારસુધી શ્રીયુત ગાંધીજી જે વસ્તુ સ્વરૂપને અહિંસા કહેતા હતા અને દુનીયાભરને અહિંસા જે સ્વરૂપમાં જણાવતા હતા, તે આ વાછરડાનો પ્રાણુહરણ કરતી વખતે અને તેવું હિંસાનું કાર્ય કર્યા પછી પણ તે કાર્યને અહિંસા કહેવા બહાર આવે છે ત્યારે પણ જણાઇ શકે છે તેઓશ્રીમાં શુદ્ધ અહિંસા હોવાની અમો આ પ્રસંગને લઇને સાફ ના પાડીયે છીયે. કોઇપણ મનુષ્યનું આવું પગલું ભારતવર્ષની "અહિંસાપરમો ધર્મ" ના સિદ્ધાંતનું ચોખું અપમાન અને તે સિદ્ધાંતને નષ્ટ કરવાનું એક પગલું છે, ગમે તેમ હો, પણ આર્યવર્તની ધાર્મિકભાવના આવા કોઇપણ કર્તવ્યથી નષ્ટ થવાની નથી અને તે સનાતન અવિચલ રહેશે. પોતાની માની લીધેલી અહિંસાથી, અને ધારેલી માન્યતા કે સ્વાર્થની ખાતર રીબાતા વાછડાના પ્રાણુહરણ કરવાથી તે નિરાપરાધિ પશુના પ્રાણુ લેવાની તેમની બુદ્ધિ આર્યપ્રજાની દયાભાવનાની દષ્ટિએ કેટલીક વિપરીત થયેલી છે, તેમજ જૈન દર્શનમાં જણાવેલા દયાના ઉચ્ચસિદ્ધાંતથી જૈનપ્રજાની દષ્ટિએ ધાર્મિકભાવનાની કેટલી વિનાશક છે તે સમજનારા આર્ય પ્રજાજનોએ શ્રીયુત ગાંધીજી જેવા એક અગ્રગણ્ય અને પ્રતિભાશાળી ગણાતા હિંદુ ( પુરૂષ ) ના હાથે ભારતવર્ષની મૃત્યુ પામતી સંસ્કૃતીને બચાવી લેવા ઉપાયો લેવાની ખાસ જરૂર છે, જૈન પ્રજાને તો આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસાત્મક કાર્ય અને તે વળી ગાંધીજી જેવા પુરૂષને હાથે થતું જોઇ પારાવાર ખેદ થાય, કારણ કે અહિંસાનું સુક્ષ્મમાંસુક્ષ્મ સ્વરૂપ જૈન દર્શનમાં જે બતાવ્યું છે તેવું બીજે સ્થળે નથી, તો તેથી જૈન કોમે તેની જાહેર સંસ્થાઓએ, આગેવાનોએ, ધર્માચાર્યોએ શાંતિ અને સભ્યતાપૂર્વક શ્રીયુત ગાંધીજી પાસે લેખીત ખુલાસા માંગી, તેમજ તેમણે કરેલું કે માની લીધેલું કૃત્ય અહિંસાનું નથી પણ હિંસાનું છે તેમ સમજાવવા સાથે ખરી અહિંસા કોને કહેવી તે જણાવવા વગેરે પ્રયત્નો અને ઠરાવો કરવાનો ખાસ જરૂર છે.

# વર્તમાન સમાચાર.

## શિવપુરીમાં મહોત્સવ.

બનારસ પાઠશાળાના આદર્શથીજ મુંબઇમાં સ્થાપન થયેલ અને શિવપુરીમાં સ્થાઇ થયેલ શ્રી વીરતત્ત્વ પ્રકાશ મંડળ પોતાનો વિકાસ અત્યારે સાધી રહેલ છે. તા. ૨૮–૨૯–૩૦ સપટેમ્બરના રોજ ત્રણ દિવસોમાં નવા બનાવેલ છાત્રાલયની ઉદ્ઘાટન ક્રિયા શેઠ અમૃતલાલ કાળીદાસના હાથે દબદબા ભરી રીતે કરી શ્રી વિજયધર્મસૂરીશ્વરની જયન્તી પણ સાથે ધામધુમ પૂર્વક ઉજવાઇ હતી. જુદા જુદા ગામોમાંથી લગભગ બસેંહ પરોણાઓએ હાજરી આપી હતી. સીંધીયા સરકારનો અધિકારી વર્ગ પણ હાજર હતો. સેક્રેટરી શ્રીયુત મોહનલાલ ખોડીદાસે ઉકત સંસ્થાની પ્રથમથી આજસુધીની કાર્યવાહી રજુ કરી હતી. બહાર ગામથી મુબારકબાદીના અનેક સંદેશાઓ આવ્યા હતા. ત્રણે દિવસોમાં જ્ઞાન, અને દેવગુરૂની ભક્તિ પણ સારી રીતે કરવામાં આવી છે. અમો આ સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## વાછરડાનો વધ.

### શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના વિરોધ માટે મુંબઇમાં ખાસ મળેલી કમિટીની સભા.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીની એક બેઠક ગઇકાલ તા. ૧૬–૧૦–૨૮ આશ્વિન શુદ ૩ મંગળવારના રોજ રાતના ૭–૩૦ વાગતે સંસ્થાની ઓફીસમાં મળી હતી. જે વખતે સભાનું પ્રમુખસ્થાન રા. શેઠ જીવતલાલ પ્રતાપશીએ સ્વીકાર્યું હતું. જે વખતે અમદાવાદ ખાતે પોતાના આશ્રમમાં વાછરડાના–અકાલે પ્રાણ લેવા, વાંદરા વગેરેને મારી નાંખવા સંબંધે અણઘટતા વિચારો પ્રકટ કરી શ્રીયુત ગાંધીજીએ જૈન કોમની અહિંસાની ભાવનાપર પોતાના–વિચિત્ર વિચારો વડે જે પ્રચંડ આઘાત કર્યો છે તે બદલ સર્વાનુમતે નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

" શ્રીયુત ગાંધીજીએ પશુઓ, વાંદરાઓ વિગેરેના વધ સંબંધે જાહેર કરેલા વિચારો તરફ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમિટીની આ સભા સખ્ત વિરોધ જાહેર કરે છે. કોઇ પણ પ્રાણીનો કોઇપણ સંયોગોમાં વધ કરવો તેને હીંસા તરીકે આ સભા

For Private And Personal Use Only

માને છે અને તેવી હિંસા કોઇ પણ સંયોગોમાં કરવી ઇષ્ટ નથી તેવું ભારપૂર્વક જાહેર કરે છે."

દરેક સ્થળના શ્રી જૈન સંઘોને વિનંતિ કરવામાં આવે છે કે ઉપરોક્ત ઠરાવ લક્ષમાં લઇ કમિટીએ કરેલા સદરહુ ઠરાવને અનુમતિ આપતાં શ્રીયુત ગાંધીજીપર વિરોધના ઠરાવો મોકલી આપવા ઇષ્ટ છે.

લી૦ સેવકો;
**નગીનદાસ કરમચંદ.**
**ચીનુભાઈ લાલભાઇ શેઠ.**
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## શેઠ આણંદજી પરશોતમના દવાખાનામાં ભાગ લેનાર દર્દીઓનું લીસ્ટ.

| | મુનિરાજ. | સાધ્વીજી. | શ્રાવક. | શ્રાવિકા | જૈનેતર. | બાળક. | કુલ સંખ્યા. |
|---|---|---|---|---|---|---|---|
| કારતક | ૧૫ | ૩૯ | ૭૫૯ | ૮૮૮ | ૧૪૭૭ | ૭૪૨ | ૩૯૨૦ |
| માગશર | ૧૫ | ૯૮ | ૭૨૨ | ૯૬૬ | ૧૫૦૬ | ૯૭૦ | ૪૨૭૭ |
| પોષ | ૨૯ | ૯૯ | ૭૬૮ | ૧૦૧૫ | ૧૨૫૨ | ૧૦૨૧ | ૪૧૮૪ |
| માહા | ૨૯ | ૧૦૭ | ૬૦૧ | ૭૮૪ | ૧૩૫૩ | ૯૨૧ | ૩૭૯૫ |
| ફાગણુ | ૦ | ૮૯ | ૫૬૫ | ૬૩૮ | ૧૨૮૩ | ૧૦૩૨ | ૩૬૦૭ |
| ચૈત્ર | ૪ | ૩૦ | ૩૪૨ | ૪૩૮ | ૮૨૬ | ૬૯૯ | ૨૩૩૯ |
| વૈશાક | ૮ | ૬૨ | ૩૫૪ | ૪૮૯ | ૮૬૪ | ૫૨૫ | ૨૨૮૪ |
| જેઠ | ૧૦ | ૮૫ | ૪૨૨ | ૫૭૫ | ૧૧૩૬ | ૮૧૮ | ૩૦૪૬ |
| અશાડ | ૨૩ | ૩૭ | ૪૮૬ | ૭૫૬ | ૧૨૪૫ | ૮૮૪ | ૩૩૩૧ |
| શ્રાવણ પ્ર૦ | ૨૪ | ૪૯ | ૮૦૦ | ૯૩૬ | ૧૨૨૭ | ૧૧૫૯ | ૪૧૯૫ |
| | ૧૫૭ | ૬૯૫ | ૫૮૧૯ | ૭૪૮૫ | ૧૨૦૫૧ | ૮૭૭૧ | ૩૪૯૭૮ |

**શ્રી વડવા જૈન મિત્ર મંડળનો વાર્ષિક મહોત્સવ:**—ત્રીજો આસો શુદ ૧૦ ને બુધવારના રોજ ભાવનગર ન્યુ જહાંગીર મીલના સે. અંબાલાલ ડાહ્યાભાઇ શેઠના પ્રમુખપણા નીચે વડવા ઉપાશ્રયમાં ઉજવવામાં આવ્યો હતો. જ્યારે આ મંડળના સેક્રેટરી મી૦ હરિલાલ દેવચંદ શેઠે મંડળની સ્થાપના, ઉદ્દેશ અને અને આખા વર્ષની કાર્યવાહીનો રીપોર્ટ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ જુદા જુદા વકતાઓએ આ મંડળની ઉત્તમ કાર્યવાહી માટે વિવેચનો કર્યાં હતા. છેવટે પ્રમુખશ્રીએ આ મેળાવડા માટે સંતોષ અને ન્યાય આપ્યો હતો. વગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આડંબરે, સતત્ પ્રયત્ને, અને ઐક્યતાથી આ મંડળ સમાજ સેવાના કાર્યો અને પોતાની પ્રગતિ કર્યે જાય છે. માંદાની માવજતના સેવાના ઉત્તમ કાર્યવાહી જોઇ અત્રેના જૈન સમાજે બધી પ્રકારે તે મંડળને સહાયની જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## આચાર્ય મહારાજ શ્રી વિજયકમલસૂરિશ્વરજી મહારાજની જયંતી.

આસો શુદ ૧૦ ના રોજ આચાર્ય મહારાજની સ્વર્ગવાસતીથી હોવાથી શ્રીજૈન આત્માનંદ સભા તરફથી જયંતી ઉજવવામાં આવી હતી. સવારમાં મોટા જીનાલયમાં શ્રી નવપદજી મહારાજની પૂજા ભાવના પૂર્વક ભણાવવામાં આવી હતી સાથે પરમાત્માની આંગી રચાવવામાં આવી હતી. બપોરના સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષ મુજબ કરવામાં આવ્યું હતું.

# સ્વીકાર અને સમાલોચના.

**દંપતીજીવન દિપિકા**—લેખક શ્રીયુત મોહનલાલ દી. ચોકસી, પ્રકાશક સ્તંભતીર્થ જૈન મંડલ મુંબઇ કિંમત બે આના દંપતી જીવન જીવનારને જીવનનું જ્ઞાન ખાસ ઉપયોગી છે અને તેટલા માટે આ ગ્રંથના લેખક મહાશયે આ પ્રયત્ન સેવેલો છે. સંસારમાં આપણે જોઇએ છીયે કે પરિણીત જીંદગીમાં પોતાનું શું કર્તવ્ય છે તે ભાગ્યેજ કોઇ જાણતા હશે, તેને લઇને દંપતી જીવનમાં ઘેરઘેર જે શોચનીય સ્થિતિ જોવાય છે તેમને સાચો ખ્યાલ આવી શકે અને દરેક દંપતી પોતાનો ધર્મ સમજી શકે, અને જીવન નિયમિત, સુંદર, દરેક પ્રાણીને ઉપકારક બની ઉત્તમ જીવન જીવી શકે તેજ ઉદ્દેશથી અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ગ્રંથમાં સંગ્રહ કરી લેખક બંધુ મોહનલાલભાઇએ સંકળના કરેલ છે, જેનું પઠનપાઠન કરનાર મનુષ્યને કેટલેક અંશે ઉપકારક બની શકે તેવું છે. આ ગ્રંથમાં આવેલા પતિ, પત્નીનો સંબંધ, પતિ પત્નીના આવશ્યક ગુણો, બ્રહ્મચર્યની આવશ્યકતા, પુરૂષ, સ્ત્રીઓના પ્રકાર સતીની વ્યાખ્યા, સાચું સૌંદર્ય બાળઉછેર અને વિકાસ વિગેરે વિષયો સંક્ષિપ્તમાં આપવામાં આવેલા છે તે મનનપૂર્વક વાંચવા જેવા છે આવા લઘુ ગ્રંથને બ્હોળા પ્રમાણમાં પ્રચાર કરવા જરૂર છે.

**હું સુંદરલાલ અને મિત્ર મંડળ અને શ્રી નિર્મળ કાવ્યમાળા**—લેખક વાડીલાલ જીવાભાઇ ચોકસી ખંભાત. પ્રકાશક શ્રી યંગમેન્સ જૈન સોસાયટી ગુજરાત મણુંદ્રા ત્રીજો. મૂલ્ય બે આના. ધાર્મિક અને વ્યવહારિક કેળવણીનો ફેલાવો થવા સાથે જૈન યુવકોના ધર્મ ઉપર શ્રદ્ધા કેમ અવિચલ રહે તે સંબંધ સ્ફૂટ વિવેચન વાર્તારૂપે એક સુશિક્ષીત અને ધર્મશ્રદ્ધાળુ બંધુની કૃતિનો આ લઘુ ગ્રંથ છે. વાર્તા સરલ અને અસરકારક હોવાથી અમો સર્વને વાંચવાની સૂચના કરીયે છીયે. જૈન સમાજની વર્તમાન સ્થિતિમાં યોગ્ય સુધારો કરવા અને કેળવણીની વૃદ્ધિ જોવાના અભિલાષીઓ માટે આવા ટુંકાટુંકા નિબંધ, વાર્તાઓ સાહિત્ય વિકાસ માટે આવશ્યક હોવા સાથે આવા શિક્ષણ અને શ્રદ્ધાળુ યુવક બંધુઓને ખાસ ઉત્તેજન આપી તૈયાર કરવા જરૂર છે. બીજા ખંડમાં તેજ લેખક રચિત કાવ્યો કેળવણી વિષે અને સામાજિક તેમજ ધાર્મિક છે તે સરલ અને અસરકારક છે. પ્રકટકર્ત્તા સંસ્થા આવા પુષ્પો પ્રગટ કરી પોતાનો ઉદ્દેશ પણ સાચવે છે તેમ જણાવવું તે અસ્થાને નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રી પાટણ જૈન સમાજ સેવક મંડળનો સં. ૧૯૮૨ ના ફાગણ શુદ ૧ થી સં. ૧૯૮૪ ના ચૈત્ર વદી ૦)) સુધીનો રીપોર્ટ.** ધર્મ અને કોમને લગતી પ્રવૃત્તિઓમાં યથાશક્તિ સેવા આપવાનો આ મંડળનો ઉદ્દેશ હોઇ રીપોર્ટમાં બતાવેલા વર્ષોમાં માંદાની માવજત, જીવદયા, રેલ સંકટ અને શેઠ નગીનદાસ કરમચંદ વગેરે બંધુઓ તરફથી ગીરનારજી કચ્છ-ભદ્રેશ્વરનો નીકળેલ મહાન સંઘ વગેરે પ્રસંગોએ લાગણી પૂર્વક સેવા કરેલ છે. રીપોર્ટના વર્ષના દરમ્યાનમાં કરેલ વ્યય વહીવટ હિસાબ ચોખવટવાળો છે. અમો આ મંડળનો અભ્યુદય ઇચ્છીએ છીએ.

---

**કલ્પતરૂ કક્કાવલી અથવા રમણિક બાળ ગીતા**—પ્રયોજક વેલચંદ ધનજી સંઘવી પ્રકાશક હિંમતલાલ અને અનંતરાય તે શેઠ ઝવેરભાઇ ભાઇચંદના પૌત્રો ભાવનગર. કિંમત અમૂલ્ય. સ્વર-વ્યંજન-મૂળાક્ષરનું જ્ઞાન થવા સાથે બાળકોને વિવિધ પ્રકારે બોધ કરી રસવૃત્તિને વિકસીત કરે એવા વાકયો કવિતારૂપે આકૃતિમાં મુકવાનો રચનારનો ઉચ્ચ ઉદ્દેશ આ લઘુ બુકમાં જણાઇ આવે છે, કેટલાક શબ્દો સરલ હોવા સાથે કેટલાક શબ્દો બાળકોને અપરિચિત હોવાથી તે તે બાળકો ગ્રહણ કરી શકે છતાં રસ ઉત્પન્ન ન કરે, જીજ્ઞાસા ન વધે કે ગુણગ્રાહી ન થઇ શકે તેવા વાકયોથી શિક્ષણ આપવા કરતાં સરલ, સાદા અને ભાવવાહી અને તેમજ સહજ બોધ થાય તેવી આ કૃતિએ નવીન વસ્તુ હોઇ અમુક અંશે બાલકોને આકર્ષે તેવી છે એમ તો અમારે કહેવું જોઇએ. લેખક એક વ્યાપારી જીવન ગાળનાર છતાં કવિતા બનાવવાના તેમના શોખે-પ્રેમે તેમને આ કૃતિ બનાવવા તરફ પ્રેર્યા હોઇ તેઓ સામાન્ય કવિ તરીકે એક પગલું આગળ વધ્યા કહેવાય. રચનારના આ પ્રયાસને અમો આવકારદાયક લેખીએ છીએ અને પ્રકાશકોએ પોતાના સ્વર્ગવાસી લઘુબંધુના સ્મર્ણાર્થે પ્રકટ કરી જનસમાજને લાભ આપવા માટે ધન્યવાદ આપીયે છીએ.

---

**શ્રી પંચપ્રતિક્રમણાદિ સૂત્ર-પ્રકાશક મેસર્સ એ. એમ. એન્ડ કુાંઠ પાલીતાણા.**

આવશ્યક ક્રિયાની આ બુકો ઘણા પ્રકાશકો તરફથી વારંવાર પ્રસિદ્ધ થાય છે, તેની સમાલોચનાની જરૂર હોઇ શકે ? સમાલોચનાની એટલા માટે જરૂર હોઇ શકે કે ધાર્મિક શિક્ષણ માટે બાળકોને શિખવા માટે આ પ્રતિક્રમણ સૂત્રની બુક પ્રથમ છે, જેથી તેવી બુકો કઇ ઉપયોગી વધારે છે તે જાણી શકાય. આ બુક માટે અમારે કહેવું જોઇએ કે તેની શુદ્ધિ માટે તેના પ્રકાશકે પૂરતી કાળજી રાખી છે, તેથી વળી આ બુકમાં જેટલા પદ્યમાં સૂત્રો પાઠો છે તે એક લાઇનમાં એક પદ તેવી રીતે એટલે પદ્ધતિસર છપાયેલ છે કે જેથી બાળકને શિખતાં સુગમ પડે, સારા કાગળો અને સુંદર ટાઇપ ઉપર પાકા કપડા બાઇંડીગથી પણ તૈયાર કરાવેલ આ બુક હોવાથી તેનું કદ પણ સુંદર હોવાથી બીજી બધી બુકો કરતાં આ બુક ધાર્મિકશાળાઓમાં પ્રતિક્રમણ શિખવવા માટે ખાસ ચલાવવાની જરૂર છે, એમ અમારો નમ્ર અભિપ્રાય છે. કિંમત આઠ આના તે યોગ્ય છે.

મળવાનું ઠેકાણું:—**મેસર્સ એ, એમ, એન્ડ કંપની-પાલીતાણા.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા. સં. ૧૯૮૩ ની સાલનો રીપોર્ટ તથા હિસાબ.

ક્રમેક્રમે આગળ વધતી, જુદા જુદા અનેક ગામો યા શહેરના બાળકો વિદ્યાર્થીઓને પોષતી આ સંસ્થાનો તમામ કાર્યવાહીનો આ રીપોર્ટ વાંચતા સર્વને આનંદ થાય તે સ્વાભાવિક છે. વિદ્યાર્થીઓના ભરણપોષણ સાથે ધાર્મિક, માનસિક અને શારીરિક ત્રણે પ્રકારનું શિક્ષણ, બાળકો પોતાની ઉન્નતિક્રમમાં આગળ વધે તેમ આ સંસ્થાના કાર્યવાહકો તેની આર્થિક સંપત્તિ પ્રમાણે તન મન ધનનો ભોગ સાથે આપી સેવા કરી રહ્યા છે. જેથી તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે, અમો જાણીયે કે માનીયે છીયે ત્યાં સુધી ( ૧૧૪ ) આટલી સંખ્યા વિદ્યાર્થીઓની ( આ સંસ્થાને સ્થાયી ફંડ નહિ હોવા છતાં આર્થિકસ્થિતિ જોઇએ તેવી નહિં છતાં ) હોવા છતાં તેમને પુરતી કેળવણી આપતી હિંદુસ્તાનની કોઇપણ જૈન સંસ્થામાં નહિં હોય તેમ કહેવું પડે છે.

કેટલીક અગવડતા હોવા છતાં પણ આટલી બાળકોની સંખ્યાને તેની કમીટી પોતાના બાળકવત્ ગણી ચલાવે જાય છે તે ખરેખર પ્રશંસનીય ગણાય. રીપોર્ટ વાંચતા તેની ઉત્તમકાર્યવાહી અને વહીવટ તથા હીસાબની ચોખવટ ( દરેકે દરેક વસ્તુનું સ્ફુટ દિગ્દર્શન ) તે અન્યને અનુકરણીય ગણાય. છેલ્લી જનરલ મીટીંગમાં માન્યવર પ્રમુખશ્રીનું ભાષણ મનનીય હોવા સાથે આ રીપોર્ટમાં તેના ઉદ્દેશમાં ભવિષ્યની અભિલાષાઓ, આકાંક્ષાઓ, આ સંસ્થાની વિશેષ ઉન્નતિ ક્રમ દર્શાવે છે, પરંતુ એમ જલદી થવા આ સંસ્થાના કમીટીના મનોરથો જલદી પૂર્ણ કરવા અને અનેક આપણા બાળકોના ભાવિ સુધારવા શહેરી બનાવવા અને ધાર્મિક નરવીર—શ્રાવક રત્ન બનાવવા તે જૈનસમાજના હાથમાં છે. શ્રીમંતોએ લક્ષ્મીથી, વિદ્વાનોએ પોતાની વિદ્વતાથી, બુદ્ધિમાનોએ પોતાની બુદ્ધિથી અને લાગણીવાળા પુરૂષોએ પોતાની લાગણીથી આ સંસ્થાને ભવિષ્યમાં વિશેષ પગભર થાય તે માટે જલદીથી તન મન અને ધનનો ભોગ આપવાની જરૂર છે. આ સંસ્થા દરેક રીતે મદદને પાત્ર છે એમ નિશંક કહેવું પડે છે. અને તેની ભવિષ્યમાં આબાદિ ઇચ્છીયે છીયે.

## ખેદકારક નોંધ.

### મુનિરાજશ્રી મોતીવિજયજી મહારાજનું મુકિત માર્ગે પ્રયાણ.

ગત ભાદ્રપદ વદી ૧૪ ના રોજ રાત્રિના સાડાબાર વાગે સીતેર વર્ષની વૃદ્ધવયે સુમારે ચાલીશ વર્ષ દીક્ષા પર્યાય નિરતિચારપણે પાળી, પાટણ શહેરમાં શાંતમૂર્તિ મુનિરાજ શ્રી મોતીવિજયજી મહારાજ કાળધર્મ પામ્યા છે. મુનિરાજશ્રી મોતીવિજયજી મહારાજની જન્મ ભૂમિ ગોઘા હતી. ત્રીશ વર્ષની વયે પ્રાતઃસ્મરણીય આત્મારામજી મહારાજના શુભ હસ્તે પાલનપુરમાં ચારિત્ર ગ્રહણ કર્યું હતું. ચાળીશ વર્ષના દીક્ષા પર્યાયનું શુદ્ધ રીતે પાલન કર્યું હતું. સ્વભાવે શાંત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સરલ, ક્રિયાપાત્ર મુનિરત્ન હતા. અંતિમ વખતે પણ મુનિપણાની સાધના કરી સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા. આવા એક વયોવૃદ્ધ મુનિરત્નની જૈન સમાજને અને આ સભાને પણ ખોટ પડી છે, તે માટે આ સભા પોતાની સંપૂર્ણ દિલગીરી જાહેર કરે છે અને તેઓશ્રીના પવિત્ર આત્માને અખંડ, અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરે છે.

## શેઠ મોતીલાલ જુઠાભાઇનો સ્વર્ગવાસ.

ગત્ ભાદરવા વદી ૩ ના રોજ ટુંક વખતની બિમારી ભોગવી સુમારે અઠ્ઠાવન વર્ષની વયે બંધુ શ્રી મોતીલાલ જુઠાભાઇ સ્વર્ગવાસ પામ્યા છે. બંધુ મોતીભાઇ આ શહેરની જૈન કોમ અને તેમની જ્ઞાતિના અગ્રગણ્ય પુરૂષ હતા. દેવગુરૂ અને ધર્મના ઉપાસક હતા. સ્વભાવે સરલ, શાંત, મીલનસાર અને ઠાવકા હતા. આ સભા ઉપર તેઓ પ્રેમ ધરાવતા હોવા સાથે સભાના સભાસદ હતા. તેઓના સ્વર્ગવાસથી આ સભાને એક લાયક સભાસદની અને જૈન સંઘ અને તેમની જ્ઞાતિમાં એક અગ્રેસરની ખોટ પડી છે. આ સભા તે માટે સંપૂર્ણ ખેદ જાહેર કરે છે અને તેમના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છે છે,

## શાહ મગનલાલ કાળીદાસનો સ્વર્ગવાસ.

બંધુ મગનલાલ ગત્ ભાદરવા વદી ૮ ના રોજ માત્ર એકજ દિવસની માંદગી ભોગવી સુમારે પચાશ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. ભાઇ મગનલાલ સ્વભાવે મળતાવડા, સરલ, અને હસમુખા હતા. દેવગુરૂ ધર્મ ઉપર શ્રદ્ધાવાન હતા. આ સભાના તેઓ સભાસદ હતા જેથી આ સભા પોતાની દિલગીરી જાહેર કરે છે તેઓના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છે છે.


# જોઇએ છીએ.

શ્રી વરકાણા જૈન વિદ્યાલય માટે એક શ્વે૦ જૈન, ઉમર લાયક, ઉંચી કેળવણી લીધેલ, સંસ્થાઓનો અનુભવી, સારીવર્તણુંકવાળા માણસની સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકેની જરૂર છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે.

લખો:—**શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાલય.**

મુ. વરકાણાતીર્થ રાણીસ્ટેશન (મારવાડ)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપસ્વી મુસ્શાદ દનયરોનાં વચનામૃત.

ઇષ્ટ દેવતાઓ અનેક પ્રકારના છે કોઇનો ઇષ્ટદેવ સાડા ત્રણ હાથનો માણુસ હોય છે, તો કોઇનો ઇષ્ટદેવ બાળગોપાળ છે ! કોઇનો ઇષ્ટદેવ ધનસંપતિ છે, તો કોઇનો ઇષ્ટદેવ પત્ની છે, કોઇનો ઇષ્ટદેવ ધંધો રોજગાર છે, તો કોઇનો ઇષ્ટદેવ લોકકીર્તિ વિગેરે હોય છે; દરેક માણુસ કોઇને કોઇ પદાર્થને ઇષ્ટતા આપીને ઉપાસે છે અને સાચી સમજણુ આવતા સુધી અવળી સમજણે ગળામાં નાંખેલી આવી તેવી ઇષ્ટતાઓ ઉપરની આસકિત દૂર થવી મુશ્કેલ છે.

જે માણુસ સાંસારિક પદાર્થો ઉપર આસકત થતો નથી એટલુંજ નહિ પણ ઉલટો પોતાના દેહ અને આયુષ્યને સુદ્ધાં દુઃખરૂપ અને દોષમય સમજીને તેના ઉપર પણ અસંતુષ્ટ રહે તેજ સાચો વિરાગી વીતરાગી છે.

સદાચારી ધર્મોપદેશક અને ધર્માચાર્યનું સન્માન કરવું, ભ્રાતૃવર્ગનું માન સાચવવું, સંદેહવાળી વસ્તુ લેવા હાથ ન લંબાવવો, ધર્મની આજ્ઞાઓ આચરણુમાં ઉતારવી અને લૌકિક પ્રવૃતિઓથી સદા દૂર રહેવુ એ ધર્મ સાધકોની નીતિ છે.

મારા જ્ઞાનને અને અહંભાવને બાજુ મૂકી શકું તેમ હોઉં ત્યારેજ હું ધર્માચાર્યનો ઉપદેશ સાંભળવા જતો અને શુભ પરિણામ તથા પ્રભુકૃપાની આશા રાખતો. જે માણુસ અહંભાવ તથા ચંચળ ચિત ધર્માચાર્ય પાસે જાય છે તે માણુસ સત્સંગ અને સદ્બોધનો સાચો લાભ ઉઠાવી શકતો નથી. સાધુના સંગથી સાધુતા આવે છે, અને અસાધુના સંગથી અસાધુતા આવે છે.

જ્યાં સુધી તમારૂં અંતઃકરણુ સાંસારિક બાબતોથી ઉપરામ થઇને પ્રભુના માર્ગમાં આશકત અને સ્થિર થાય નહિ તથા પરમેશ્વરે આપી રાખેલા કોલ–કબુલાતમાં તમને દઢ વિશ્વાસ આવે નહિ ત્યાં સુધી તમે ગમે તેટલી ક્રિયાઓ, ઉપાસનાઓ નમાજો, ઉપવાસો અને રોજાઓ વિગેરે કર્યા કરો; કથા કીર્તન સાંભળ્યા કરો, તથા ગમે તેટલી બાબતોનું સૂક્ષ્મ જ્ઞાન એકઠું કર્યો કરો પણ ઋષિઓની કૃપા આચરણુ, અવસ્થા કે પદવી તમે પામી શકવાના નથી.

આંતરિક પવિત્રતા જાળવવી, ઇશ્વરેચ્છા પ્રમાણે વર્તવું અને નાછુટકેજ સાધારણુ લોકોને મળવું એ પણ ઋષિપણું છે.

પોતાના ગુણુ અને જ્ઞાન દર્શાવવાથી દુર રહેવું, લોકો જુએ જાણે કે પીછાણે નહિ એવી રહેણી કરણી રાખવી અને ખાસ જરૂર સિવાયની બીજી બધી બાબતોથી દૂર રહેવું એ પણ ઋષિપણું છે. લૌકિક વિચાર, પ્રવૃત્તિ તથા સુખ--સ્વાદને વિદાયગીરી આપવી એજ પ્રભુપર વિશ્વાસ હોવાનું અથવા નિર્ભય રહેવાનું લક્ષણ છે.

‘ મુસ્લીમ મહાત્માઓ ’ માંથી.

For Private And Personal Use Only